ભક્તિ દર્શન

Bhakti Darshan

Issue 2016 - 2017
Vikram Samvat 2073

Shree Hindu Temple
& Community Centre

34 St. Barnabas Road, Leicester LE5 4BD
Tel: 0116 246 4590
www.shreehindutemple.net

જય શ્રી કૃષ્ણ

ॐ

જય શ્રી રામ

યદા યદા હી ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત, અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્.
પરિત્રાણાય સાધુનાં વિનાશાય ચ દુષ્કૃતામ ધર્મસંસ્થાપનાર્થાય સંભવામી યુગે યુગે.

જનહિત ના કાર્યો માં જે વ્યક્તિ ની વિચાર સરણી નકારાત્મક છે. તે હમેશા અસત્ય બોલે છે અને અસત્ય ને સાથ આપે છે. પરંતુ જે વ્યક્તિ ની વિચાર સરણી સકારાત્મક છે. તે હંમેશા સત્ય બોલે છે અને સત્ય ને સાથ આપે છે. તેવી વ્યક્તિ શ્રદ્ધા થી જ્ઞાન, નમ્રતા થી માન, અને યોગ્યતા થી યોગ્ય સ્થાન મેળવી સમાજ માં સમ્માન મેળવે છે.

સમાજ ની ફરજ બને છે, કે આવા સકારાત્મક વિચાર સરણી વાળા માણસો ની પરખ કરી, તેમને યોગ્ય સ્થાન આપી, જનહિત ના કાર્યો ને જડપી બનાવવા સાથ આપે. જેથી યુવા સમાજ હંમેશા સમાજ ના સત કાર્યો માં જોડાવા માટે પ્રેરણા મેળવે.

નવા વર્ષ માં સુખ નો સરવાળો થાય,
દુખ ની બાદબાકી થાય,
અને સેવા નો ગુણાકાર થાય.
તેવી શુભેચ્છા સાથે સર્વે ને નૂતન વર્ષ ના
અભિનંદન.

ભક્તો, સેવકો, કારોબારી સમિતિના સભ્યો,
પ્રમુખશ્રી તેમજ ટ્રસ્ટી મંડળના સર્વેને જય
માતાજી સાથે જય શ્રી રામ.



ભક્તિ દર્શન ॐ Bhakti Darshan 2016 - 2017

૧૦ દિપાવલી

૩૪ શ્રાવણ માસ

૧૨ અન્નકૂટ દર્શન

૩૮ જન્માષ્ટમી

૧૪ તુલસી વિવાહ

૪૦ શ્રી ગણેશ ચતુર્થી

૧૬ શીતલા માતાજી મૂર્તિ પ્રતિષ્ઠા

૪૪ બંસરી અને ગદા

૨૬ હોળી

૪૬ નવરાત્રિ

૨૮ શ્રી રામ નવમી

૫૧ સાકાર શિવ દર્શન

Contents

આશિર્વચન	૪
મંદિર માહિતી	૫
મંદિર ના પ્રમુખ નો સંદેશ	૬
શબરી સત્સંગ મંડળ	૭
મંદિરના આંગણેથી	૮
દિપાવલી	૧૦
ચોપડા પૂજન	૧૧
નૂતન વર્ષ ૨૦૭૨ - અન્નકૂટ દર્શન	૧૨
તુલસી વિવાહ	૧૪
શીતલા માતાજી મૂર્તિ પ્રતિષ્ઠા	૧૬
સંતોષી માતાજી કથા વ્રત	૧૮
શનિ જયંતી મહાપૂજા	૨૦
કુળદેવી યજ્ઞ અને સમૂહ નીવેદ	૨૨
મહા શિવરાત્રિ	૨૪
હોળી	૨૬
શ્રી રામ નવમી	૨૮
Regular Activities	29
શ્રી સત્યનારાયણ કથા	૩૦
હિંદુ મંદિરનો ૧૯ મો પાટોત્સવ	૩૧
શ્રી રાંદલ માતાજી ના લોટા	૩૨
શ્રાવણ માસ	૩૪
હિંડોળા ઉત્સવ	૩૬
Shiv Abhishek for Children	37
જન્માષ્ટમી	૩૮
શ્રી ગણેશ ચતુર્થી	૪૦
ધાર્મિક વ્રત	૪૧
પિતૃ શ્રાદ્ધ ભાગવત કથા	૪૨
બંસરી અને ગદા	૪૪
નવરાત્રિ	૪૬
શ્રી દુર્ગાષ્ટમી યજ્ઞ	૫૦
સાકાર શિવ દર્શન	૫૧
Major Events	52
ડાયરો	૫૪
શ્રી રામ ધૂન	૫૫
૧૫ ઓગસ્ટ પ્રજા સત્તાક દિવસ	૫૫
સંતો અને મહેમાનો	૫૬
મંદિરમાં સ્કુલ અને બસ પ્રવાસ	૫૬
Visitors & Guests	57
Core Beliefs of Hinduism	58
Lord Krishna	60
Did you know?	62
Hanuman the greatest ...	64
Why trees are revered ...	65
મંદિરમાં વૃક્ષો નું મહત્ત્વ	૬૬
તુલસી - આયુર્વેદમાં	૬૬
માતા-પિતાનું ઋણ	૬૭
સજ્જન વ્યકતિની ઓળખ	૬૮
સુવાક્ય	૬૮
બોધકથા	૬૯
Join the dots	69
1000 years old Temples	70
દીપાવલિ - સ્વાગતમ	૭૨
દડવાની દાતાર રન્નાદે	૭૪
આપણું મૂળરૂપ	૭૫
શ્રી કૃષ્ણની જીવદયા	૭૫
કાશ્મીર ભારતનું કેહવાય	૭૬
Seva	76
Shree Hindu Temple	77
Advertisers	78
આરતી, પ્રાર્થના	૧૧૫
ઉત્સવ દર્શન	૧૨૧
Festivals 2016 - 2017	128

Shrimad Devi Bhagvat Katha 2017

Shrimad Devi Bhagvat and Navchandi Yagna
From 15 April to 23 April 2017

શ્રીમદ્ દેવી ભાગવત તથા નવચંડી યજ્ઞ શ્રી હિંદુ મંદિરમાં
૧૫/૦૪/૨૦૧૭ થી ૨૩/૦૪/ ૨૦૧૭

આશિર્વચન

સંસારપંક નીર્મગ્ન સમુદ્ધરણ પંડિતા

શ્રી કિરણભાઈ પાધ્યા

શ્રી જયેશભાઈ ભટ્ટ

શ્રી નટુભાઈ આચાર્ય

શ્રી દિલીપભાઈ જોષી

વી.સં. ૨૦૭૩ નું નવલું વર્ષ આપ સૌના જીવનમાં સુવર્ણ સૂર્યના કિરણો સાથે પ્રગટે અને દરેક ભક્તોનો શુદ્ધ સંકલ્પ ફલીભુત બને. સાથે જીવનના અંતર્ગત અંતરની અમીઓની આશા સાથે જીવ માત્રના મનોરથ ભગવાન શ્રી દ્વારિકાધીશ નાં ચરણોનું શરણું સ્વીકારી અને પરિપૂર્ણ બને. આ નવું વર્ષ આપ સૌના સામાજિક જીવનમાં ભક્તિ, શ્રધ્ધા, સ્વાસ્થ્ય, સુખ, સુંદરતા, સમ્પત્તિ, સંતતિ, સંસ્કાર અને ધાર્મિક પ્રયાસો સહિત પૂર્ણ કરનારું નિવડે.

ઈશ્વર આપને સદૈવ સત્કર્મ કરવાની પ્રેરણા આપે, કારણ

"કર્મ પ્રધાન વિશ્વ કરી રાખા"

(રામાયણ)

"કર્મણ્યૈવાધિકારસ્તે મા ફલેષુ કદાચન"

(શ્રીમદ ભાગવત ગીતા)

"કર્મેગતિ"

(વેદાંત)

અંતમાં આપના જીવનમાં પ્રભુ ભક્તિ, વડીલો નાં સંસ્કાર, ધર્મ પ્રત્યે પ્રેમ, નિષ્ઠા, નિષ્કામ ભક્તિ, વંશ વૃદ્ધિ અને મુક્તિ આપે તેજ પ્રભુ પાસે પ્રાર્થના.

સુભાશિસ અને નૂતનવર્ષાભિનંદન.

SHREE HINDU TEMPLE
& COMMUNITY CENTRE
34 St. Barnabas Road
Leicester LE5 4BD
Tel: (0116) 246 4590
E: info@shreehindutemple.net
W: www.shreehindutemple.net

Year 22	વર્ષ: ૨૨
Issue 153	અંક: ૧૫૩
October 2016	ઓક્ટોબર ૨૦૧૬
Free Distribution	વિના મુલ્યે

Bhakti Darshan Team:

Bhikhubhai Kotecha
Mayurbhai Sisodia
Jayeshbhai Bhatt
Dilipbhai Joshi
Rajiv Vaiyata
Ram Odedra

Trustees:

Dr Bhimabhai Odedra (Chair)
Jivabhai Odedra
Vrajlalbhai Karia, Rajeshbhai Unadkat

મંદિરના પ્રસંગોની માહિતી મેળવવા :

ફેસબુક પર શ્રી હિંદુ મંદિર લેસ્ટરના પેજ ને લાઈક કરી ફોલ્લો કરો.

LIKE US ON facebook

Bhakti Darshan is published by Shree Hindu Temple and Community Centre. The opinions and views expressed in Bhakti Darshan are views of the authors alone and are not necessarily those of the Editor, the Editorial Board and the Shree Hindu Temple and Community Centre. Advertisement and articles are published without responsibility on part of the Shree Hindu Temple & Community Centre. Whilst every reasonable care is taken Shree Hindu Temple and Community Centre can not be held responsible as a result of any loss occasioned by any persons acting or refraining from action as a result of views and opinions expressed. No parts of this publication may be reproduced, stored or transmitted in any form without prior written permission of Shree Hindu Temple. We welcome comments. Letters should be addressed to the Editor.

Printed by:
EVOLUTION
PRINT AND DESIGN LIMITED
T: 0330 010 0004 E: sales@evolutiondc.co.uk
W: www.evolutiondc.co.uk

મંદિર ખુલવાનો સમય:

મંદિર આખો દિવસ સવારે ૭ વાગ્યા થી સાંજના ૮ વાગ્યા સુધી ખુલ્લું રેહશે.

આરતી:

મંગળા આરતી સવારના	૭:૩૦
શૃંગાર આરતી સવારના	૧૦:૦૦
સંધ્યા આરતી સાંજના	૭:૩૦

ઉપરાંત ઉપરના સમય દરમ્યાન થાળ, પ્રાર્થના અને ભજન પાન ચાલું રહેશે.

Mandir's Opening Times:

7am to 8pm
Mandir is open all day, every day.

Arti Times:

Mangal Arti	7:30am
Shrungar Arti	10:00am
Sandhya Arti	7:00pm

ઓફીસ ખુલવાનો સમય:

સવારના ૧૦:૩૦ થી ૧:૦૦
અને બપોરના ૩:૦૦ થી ૮:૦૦

Mandir's Office Opening Times:

10:30am - 1pm and 3pm - 8pm

મંદિરની પ્રવૃત્તિ

- દર સોમવાર, ગુરુવાર અને અગિયારસના દિવસોએ બપોરના ૨:૩૦ થી ૪:૩૦ વાગ્યા સુધી શ્રી હિંદુ મંદિર શબરી સત્સંગ મંડળના ભજન કિર્તન હોય છે.
- બાળકો માટે ગુજરાતી વર્ગો દર ગુરુવારે અને શુક્રવારે સાંજના ૫ થી ૭ વાગ્યા સુધી હોય છે.
- અંગ્રેજી અને ગણિત (મેથ્સ) ના ટ્યુશન વર્ગો દર મંગળવારે સાંજના ૬ થી ૭ વાગ્યા સુધી હોય છે.
- મંદિરમાં ભજન-કિર્તન, ધાર્મિક કાર્યક્રમો, જમણવાર, સાંજીના ગીત, બર્થડે પાર્ટી, મિટિંગ, લગ્ન વિધિ વગેરે માટે હોલ, રસોડું અને વાસણો મળી શકશે. શ્રી જલારામ પ્રસાદી કોઈ પણ રવિવાર માટે નોંધાવી શકશો.
- ભક્તિ દર્શન પોસ્ટ દ્વારા મોકલવાનો પોસ્ટેજ ખર્ચ £૧૦ છે. પરદેશ મોકલવા માટે £૧૫ છે.
- મંદિરમાં વકીલ દ્વારા કાનૂની સલાહ આપવામાં આવે છે, તો વધુ માહિતી માટે મંદિર નો સંપર્ક કરો.

મંદિર ના પ્રમુખ નો સંદેશ

આવો આપણે સૌ સાથે મળી વિક્રમ સંવત ૨૦૭૨ ગત વર્ષને વિદાય આપી, વિક્રમ સંવત ૨૦૭૩ નું મંગલમય પ્રભાત થી શરુ થતાં આપણા નવા વર્ષ ને હૃદય ના ઉમળકાથી આવકારીએ. નવા વર્ષે આનંદ વિભોર બની, એકતા સાથે આ જીવનની શરૂઆત કરીયે, અને સાથે મળી પ્રાર્થના કરીએ કે સર્વની મનોકામના પૂર્ણ થાય. નવું વર્ષ યશશ્વી, આરોગ્યમય અને લાભકારી નીવડે એવી અંતઃકરણ ની આશા અને શ્રી હિંદુ મંદિર ના સર્વે ભક્તોને દીપાવલીની હાર્દિક શુભેચ્છા તથા નૂતનવર્ષાભિનંદન.

શ્રી હિંદુ મંદિર ઉત્તરોત્તર પ્રગતિ કરતુ રહ્યું છે. મંદિર ના ચાર ભૂદેવો સુંદર સેવા આપી રહ્યા છે. મંદિરમાં સવાર સાંજ ભક્તો ની હાજરી અને સેવા હોય છે. બધા તહેવારો ભાવ પૂર્વક ભક્તિ થી ઉજવવામાં આવે છે. ભક્તિમાં એટલી શક્તિ રહેલી છે કે જાણે સર્વે દેવી દેવતાઓ ત્યાં હાજરાહજૂર હોય તેવો ભાસ થાય છે. કેટલાય ભક્તો દુઃખ હરિ સુખ પામ્યા છે, અને કેટલાય ના સ્વપ્ન સાકાર થયાં છે, તેવું છે આ લેસ્ટર નું શ્રી હિંદુ મંદિર. ત્યાંના દરવાજા બધા સમાજ માટે ખુલ્લા છે. બધાની એકજ ભાવના છે - "સેવા". ત્યાં કોઈ પ્રમુખ નથી કે નથી કોઈ ટ્રસ્ટી. બધા એકજ સરખા ભાવે સેવા ને માન આપે છે.

દિવાળી એટલે માત્ર "દીપ" પ્રગટાવવા બાહ્યીક અજવાળા ફેલાવવા એ માત્ર નથી. હૃદય ના દ્વાર ખોલી જીવનને ઉલ્હાસમય બનાવી, અંતઃકરણમાં પ્રકાશ ફેલાવી, રાગદ્વેષ ને ભૂલી, પરસ્પર પ્રેમ ફેલાવી, ગત વર્ષે થયેલ ભૂલોને ભૂલી, નવા સમીકરણ માંડવાનું સૂચવે છે. આવનાર નવું વર્ષ મંદિર ના હિત માં આનાથી પણ વધુ પ્રગતિ કરે, અધૂરા રહેલા કાર્ય ને માર્ગ બતાવે એજ અભિલાષા. ગઈ સાલ આજની સરખામણી માં આવતી સાલ ઉત્તરોત્તર પ્રગતિમય બને તેજ માતાજીને વંદના.

આપણે તો જીવનની અંતિમ ઘડી સુધી પ્રયત્નો ચાલુ રાખી, હિમ્મત પૂર્વક આગળ ધપવાનું છે. આપણા કાર્ય ને કદી પૂર્ણવિરામ હોય શકે નહિ. તેમાં પણ જો આપણા પૂર્વજો ના આશીર્વાદ હોય, માતાજીના આશિષ હોય, તોજ આવા સુંદર અને સરસ સમાજના કર્યો કરી શકાય.

મંદિરના નાના મોટા સર્વને આ દિવાળી ના પરબ ઉપર હું દિલ થી બધાનો આભાર વ્યક્ત કરું છું. બધા તન, મન અને ધનથી મંદિર ને સહકાર આપે છે. મંદિર ના ટ્રસ્ટીગણનો પણ આભાર જેઓએ મને ત્રણ વર્ષ સુધી પ્રમુખ બનાવી મારા પર વિશ્વાસ રાખ્યો.

મને ઊંડી આશા છે કે, જો તમે બધા શ્રી હિંદુ મંદિર ને ઉમદા સહકાર આપશો તો મંદિર જરૂર થી આભના શિખરે પહોંચશે.

દિપાવલીના શુભ અવસરે બસ એટલુંજ. જીવનમાં જાગૃતતા દાખવવી. બીજાને ઉપયોગી બનીએ, બીજાના જીવનમાં દીપ પ્રગટાવવા, તેલ ના એક ટીપા નું સિંચન કરીયે, તેમાંજ આપણો વિકાસ રહેલો છે.

સર્વેને શુભ દિપાવલી અને નૂતનવર્ષાભિનંદન.

સર્વે ને જય શ્રી કૃષ્ણ, જય માતાજી.

ભીખુ મોહનલાલ કોટેચા.

શબરી સત્સંગ મંડળ

શબરી એટલે શ્રદ્ધા, ગુરુના વચનમાં શ્રદ્ધા અને અટલ વિશ્વાસ એજ શબરી જ્ઞાન અને વૈરાગ્યની ભક્તિ કરવાથી ભગવાનની પ્રાપ્તિ થાય છે.

શ્રી ગણેશાય નમઃ

શ્રી હિંદુ મંદિર અને કોમ્યુનીટી સેન્ટરના શબરી મહિલા મંડળના સર્વે ભાવિક ભક્તોને દિવાળી અને નૂતન વર્ષના અભિનંદન સાથે જય શ્રી કૃષ્ણ.

માનવ જીવન બહુમૂલ્ય છે, તો તેનો સદ ઉપયોગ કરો. ભગવાને આ પૃથ્વી ઉપર મનુષ્ય જીવન આપ્યું છે તો તેનો આભાર આપણે કેમ ભૂલી શકીએ? પરમાત્માને યાદ રાખી દિન-દુખીયાને મદદ કરો, બીજાના દુઃખમાં સત્ભાગી બનો. હમેશા બીજાનું ભલું કરો. માતા પિતા ની સેવા કરો અને સર્વ સુખ-શાંતિ થી રહો એવી ભગવાનના ચરણોમાં પ્રાર્થના.

સાથે અમારા વડીલ ચંચળ માસી અને રતન માસી ના સ્વાસ્થ્યની તંદુરુસ્તી ની કામના સાથે શબરી મહિલા મંડળ ના જય સીયા-રામ.

શબરી સત્સંગ મંડળ દર સોમવારે, ગુરુવારે અને અગિયારસે, શ્રાવણમાસે, શ્રાધ્ધના દિવસોમાં અને અધિકમાસે બપોરના સમય ૨.૧૫ થી ૪.૧૫ વાગ્યા સુધી ધાર્મિક ગ્રંથનું વાંચન અને ભજન-કિર્તન કરી આનંદ લેય છે.

આપ સૌને શબરી મહિલા મંડળના સર્વે બહેનોના
જય શ્રી કૃષ્ણ.

મંદિરના આંગણેથી

ભારતીય ગરિમા, જ્ઞાતિ, પ્રાંત અને વેદો ની સંસ્કૃતિની સરિતાનું સતત સીંચન કરાવતું આંગણું એટલે શ્રી હિંદુ મંદિર નું આંગણું. જે ઇંગ્લેન્ડ માં હિમાલયના શિખર સમું શોભી રહ્યું છે. જ્યાં અવનવા જુદા જુદા પ્રકૃતિ, સંસ્કૃતિ અને સાંસ્કૃતિક કાર્યક્રમો થતાં રહે છે. જેનાથી આખું વર્ષ અને ત્રણે ઋતુ શિયાળો, ઉનાળો અને ચોમાસું ભરપુર રહે છે. એ આંગણા ના ધાર્મિક અહેવાલ એટલે મંદિર ના આંગણે થી.

ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

શ્રી હિંદુ મંદિર માં નૂતનવર્ષ, અન્નકૂટ, તુલસી વિવાહ, શિવરાત્રી, હોળી, રામ નવમી, નવાહ્ન પારાયણ, હનુમાન જયંતિ, જયા પાર્વતી, મોળાકત વ્રત, વટ સાવિત્રી, કરવાચોથ, દિવાસો, નાગ પાંચમ, સીતલા સાતમ, નોળી નોમ, રક્ષા બંધન, જન્માષ્ટમી, ગણેશ મહોત્સવ, પિતૃ પક્ષ ભાગવત કથા, નવરાત્રી, દિવાળી વગેરે ઉત્સવો અને વ્રતો ધામધૂમ થી ન્યાય પૂર્વક સુંદર વ્યવસ્થા સાથે ઉજવવામાં આવે છે.

સાથે સાથે જલારામ પ્રસાદી, રામધુન, ભજન, ભાગવત કથા, પ્રવચન, લોક ડાયરા, જન્મ દિવસ પાર્ટી, લગ્ન, સગાઇ, સ્કુલ ના બાળકો ની સ્પર્ધા અને શ્રધાંજલિ ભજન તેમજ અન્ય પ્રોગ્રામ થતા રહે છે. પ્રભુ કૃપા થી આજે મંદિર પાસે સુંદર અને વિશાળ બે હોલ છે. લંડન, બર્મિંગામ, લીવરપુલ અને ઇસ્ટ મીડલેન્ડસ થી મંદિર ની યાત્રાએ જતી બસો અને મલ્ટી ફૈથ ના ગ્રુપ પણ વારવાર મંદિર ની મુલાકાતે આવતા રહે છે, જેમને મંદિર તરફ થી ભોજન ની વ્યવસ્થા આપવામા આવે છે. મંદિર માં બુધવાર, ગુરુવાર અને શુક્રવારે અંગ્રેજી, ગણિત અને આપણી માત્રુ ભાષા ગુજરાતી ના વર્ગો પણ ચાલે છે. જેમાં આશરે ત્રણસો થી પણ વધારે વિધર્થીઓ અભ્યાસ કરે છે. યોગ ના વર્ગો માં પણ મોટી સંખ્યા માં વડીલો આવે છે, જે સોમવાર ના દિવસે ત્રણ કલાક સુધી યોગ અભ્યાસ કરે છે. શબરી મંડળ નો સત્સંગ આજે ચાલીસ વર્ષ થી મંદિર માં અવિરત ચાલે છે. મંદિર તરફ થી બસ યાત્રા નું પણ આયોજન કરવામાં આવે છે. આ દરેક પ્રસંગો ને પૂર્ણ ન્યાય આપવા માટે સતત મંદિર ના કાર્યકર્તા અને સ્વયંસેવક ભાઈ બહેનો તથા ભૂદેવો દ્વારા અથાગ પ્રયત્ન કરવામાં આવે છે.

આ વર્ષ માં વિશેષ

જુદા પ્રસંગો દ્વારા સમાજ ને સંસ્કૃતિ નો વારસો આપવાનો મંદિર નો હંમેશા પ્રયત્ન રહ્યો છે. આ વર્ષે આપણા બહેનો એક સાથે મળી ને શુક્રવાર નું સંતોષી માતા નું વ્રત ઉજવે એટલા માટે સમૂહ પૂજા નું આયોજન થયું. જેમાં ખુબજ મોટી સંખ્યામાં ભક્તોએ ભાગ લીધો. ભારતીય સંસ્કૃતિ નું યુવાનો ને જ્ઞાન મળે તે માટે સર્વ પ્રથમ કુળદેવી નો સમૂહ યજ્ઞ અને નીવેદ નું આયોજન થયું. જેમાં માનવ મહેરામણ ઉમટ્યો અને રાસ ગરબા નું પણ આયોજન થયું. સમૂહ રાંદલ માતાજી ના લોટા અને પિતૃ-પક્ષ ભાગવત કથા એ પણ અનોખું રૂપ લીધું જેમાં નવ દિવસ સુધી મોટી સંખ્યામાં યજમાનોએ સહયોગ આપ્યો. આ વખતે ભગવાન શ્રી કૃષ્ણ ને સોનાની બંસરી

અને શ્રી હનુમાનજી ને ચાંદી ની ગદા સામૈયા અને પૂજન સાથે વાજતે ગાજતે અર્પણ કરવામાં આવી. નવરાત્રી માં દર વર્ષ ની જેમ ભારત થી પધારેલ રાસ ગ્રુપ દ્વારા શાંતિ પૂર્વક નવરાત્રી નું આયોજન સંપન્ન થયું. નવરાત્રી માં ધ્વજા ની ઉછવણી આનંદ દાયક રહી.

ડાયરા અને સંતવાણી

લોક વિખ્યાત કલાકાર કીર્તીદાન ગઢવી નો ભજન અને લોક ડાયરા ના પ્રોગ્રામ નું આયોજન સર્વ પ્રથમ ઇંગ્લેન્ડ માં હિંદુ મંદિર માં થયું. જે કેવલ બેજ દિવસ માં સંપૂર્ણ સફળ રહ્યો. ભારત ના પ્રખ્યાત સંતવાણી વિખ્યાત નિરંજનભાઈ પંડ્યા, યોગેશપુરી ગોસ્વામી, અને જયશ્રી દાસ માતાજી, જાગ્રતા ગ્રુપ, પ્રભાબેન રબારી, ગોપાલદાસ વગેરે અવનવા સુંદર કોકિલ કંઠી કલાકારો દ્વારા જુદા જુદા કાર્યકર્મો નું આયોજન થયું.

દેશ અને પરદેશ સૈનિકો ની સહાદત શ્રધાંજલિ

દેશ માંથી પધારેલા સંત શ્રી પૂજ્ય ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા ની કથા નું ભવ્ય આયોજન લેસ્ટર માં થયું જેમાં શ્રી હિંદુ મંદિર દ્વારા ઘણા સ્વયં સેવકો જોડાયા હતા. મંદિર માં શ્રી જ્ઞાનાનન્દજી મહારાજ, શ્રી કૃષ્ણચંદ્ર ઠાકોરજી વગેરે સંતો પધાર્યા હતા.

અખંડ ભારત ની ખમીરી, ઉદારતા, વીરતા, મા ભોમ ની રક્ષા કાજે સતત હિમાલય ની જેમ અડગ રહેતા અને જરૂર પડ્યે માત્રુ ભૂમી ની લીલી ચાદર ની ઓઢણી માં જીવનનું બલિદાન આપનાર આપણા ભારત ના વીર જવાનો ઉપર સુતી વખતે હુમલો થયો. કાશ્મીર થી સો કિલો મીટર દૂર ઉરી ગામમાં સૈનિકો ની એક બટાલ્યન પર ઉપદ્રવીઓ દ્વારા ગ્રેનેડ ફેકવામાં આવી જેમાં આપણા અઢાર વીરો વીરગતિ ને પામ્યાં જે ખુબજ નીંદનીય અને દુખદ ઘટના છે. જે હુમલા ને કાયરતા કરાર આપવામાં આવી હતી. શ્રી હિંદુ મંદિર દ્વારા એક ખાસ શ્રધાંજલિ કાર્યક્રમ નું આયોજન થયું જેમાં વીર સૈનિકો ને શ્રધાંજલિ આપવામાં આવી હતી. પ્રભુ તેમના આત્મા ને અવિચલ પદ આપે અને પરિવાર જનોને આ દુખ સહન કરવાની શક્તિ આપે તે પ્રાર્થના.

શ્રી હિંદુ મંદિર ના ટ્રસ્ટી પરેશભાઈ પટેલ આ વર્ષે ચીર વિદાય પામ્યાં તેમના આત્મા ને પ્રભુ શાંતિ આપે તે અભ્યર્થના. એમની હિંદુ મંદિર ની સેવા અવિસ્મરણીય છે.

ચંચળ માસી નું સ્વાસ્થ્ય જલ્દી સારું થાય તે અભ્યર્થના.

શ્રી હિંદુ મંદિર કેવલ દેશ માંજ નહિ પણ પરદેશ માં પણ ખુબજ ખ્યાતી પામ્યું છે. આ વર્ષે દુબઈ થી પણ યજમાનો પૂજા માટે મંદિરની વેબસાઈટ ના માધ્યમ થી પૂજા માં આવ્યા હતા.

આપ પણ મંદિર ની દરેક પ્રવૃત્તિઓ અને આગામી કાર્યક્રમ, બુકિંગ વગેરે કોઈપણ માહિતી માટે શ્રી હિંદુ મંદિર ની વેબસાઈટ:

www.ShreeHinduTemple.net
ફેસબુક પેજ:
www.facebook.com/ShreeHinduTemple
ને લાઇક કરો અને ઇમેલ માટે:
info@ ShreeHinduTemple.net અને
ટેલીફોન દ્વારા:
0116 246 4590 પર ઓફીસનો સંપર્ક કરો.

આ વર્ષ ના યજમાન અને મુખ્ય દાતાઓ

શ્રી રમણભાઈ વિશ્રામ અને પરિવાર, કાંતિભાઈ પોપટ અને જ્યોતિબેન કાંતિભાઈ પોપટ, દીપકભાઈ દુર્લભજીભાઈ લાખાણી, ડો. ભીમાભાઇ ઓડેદરા, વનીતાબેન ચૌહાણ, ચંચળબેન ચૌહાણ, મહેન્દ્રભાઈ ઝીણાભાઈ ગાંધી, ત્રિવેણીબેન મહેશભાઈ દવે, સુમીતભાઈ સચદેવ, ભરતભાઈ મોઢવાડિયા, આવડાભાઈ લીલાભાઈ કારાવદરા, વિજયભાઈ ખુંટી, સતીશભાઈ વિસાવાડિયા અને દીન્તાબેન સતીશભાઈ વિસાવાડિયા, મીનાબેન માણેક, ડો. રીદ્ધી પરમાર અને ડો. સંજય પરમાર, પ્રતાપભાઈ ખુંટી, ગોગનભાઈ ગોઢાણીયા, ભીખુભાઈ કોટેચા, અશોકભાઈ પટેલ, હીરાભાઈ રવજીભાઈ પટેલ, દક્ષાબેન આડતિયા તેમજ અન્ય ઘણા ભક્તો ભિન્ન ભિન્ન પ્રસંગો માં ભાગ લઇ અને મંદિર માં મહત્વ નું યોગદાન આપ્યું હતું. શ્રી હિંદુ મંદિર ના દરેક કાર્યકર્તાઓ તેમનો હ્રદય પૂર્વક વિશેષ આભાર પ્રગટ કરે છે.

આવતા વર્ષની શ્રી દેવી ભાગવત સપ્તાહ માં આપ સૌને સહભાગી બની અને આ પ્રસંગ ને દીપાવો તે પ્રાર્થના.

વર્ષ દરમ્યાન દરેક પ્રસંગો માં આપને કોઈ પણ જાતની ઉણપ આવી હોઈ તો ક્ષમા દાન કરી અને હંમેશા આવતા રહો એજ પ્રભુ પ્રાર્થના સહ જય શ્રી કૃષ્ણ.

Happy Diwali

Avoid Crackers & Save Nature

દિપાવલી

દીપ એટલે દીવો અને આવલી એટલે હારમાળા. સંસાર ના અંધકાર ને દૂર કરવા માટે દીપ ની હારમાળા પ્રગટાવવામાં આવે છે. આ દીપ પ્રાગટ્ય સાથે આપણે નુતન વર્ષ નું સ્વાગત કરીએ છીએ, સાથે જીવન ની નવી યાત્રાનું પ્રારંભ કરીએ છીએ. દીપ પ્રાગટ્ય આમતો અભિમાન રૂપી અંધકાર નો પણ નાશ કરે છે. આ તહેવાર વર્ષ ના એક દિવસ પહેલા ઉજવવામાં આવે છે, કારણ કે કોઈ પણ નવા જીવન કે નવી પ્રક્રિયાના પ્રારંભ પહેલા એ જગ્યા કે દેહ ની શુદ્ધિ અને સ્વછત્તા અનિવાર્ય છે. આપણે પણ નૂતન વર્ષ ના પ્રારંભ પહેલા દીપ પ્રાગટ્ય કરી અને દ્વાર પાસે રાખીએ છે અને લક્ષ્મી દેવી અને દેવતાઓ નું આહ્વાન કરીએ છીએ.

વ્યાપારી-વ્યવસાયી ભક્તો આ દિવસે આગામી વર્ષમાં આર્થિક અને દંધા-રોજગારનો બહોળો વિકાસ અને વિસ્તાર થાય એ માટે લક્ષ્મી પૂજન – ચોપડા પૂજન કરે છે, જેમાં મહાકાલી, મહા-લક્ષ્મી અને મહા-સરસ્વતીની પૂજા કરવામાં આવે છે. આમ તો લક્ષ્મીપૂજન ગમે ત્યારે કરી શકાય પરંતુ વર્ષના અંતે અને નવા વર્ષની સંધ્યાએ થતું લક્ષ્મી પૂજન ઘણું મહત્વપૂર્ણ છે. દિવાળીની સંધ્યાને મહારાત્રિ, સિદ્ધરાત્રિ તરીકે ઓળખવામાં આવે છે. આ સમયે થતી સાધના ત્વરિત પરિણામ આપે છે.

આવા દરેક પ્રસંગો માં આપણું શ્રી હિંદુ મંદિર સરસ પૂજા નું આયોજન કરે છે જેમાં ભક્તો દ્વારા સમૂહ પૂજન કરવામાં આવે છે.

In 2017, Diwali is on Thursday, 19 October

ચોપડા પૂજન

ચોપડા પૂજન એટલે કેવલ આખા વર્ષ ના ધંધા નો હિસાબ અને આવતા વર્ષ ના ધંધામાં થતી વૃદ્ધિ ની કામના એટલોજ ભાવ નથી, પણ આ દિવસ છે આખા વર્ષ દરમ્યાન જાણતા-અજાણતા કરેલા સુકર્મ અને કુકર્મના હિસાબ નો દિવસ. એટલા માટે ભક્તો ભાવ થી શારદા પૂજા કરે છે અને માંગે છે કે મારા જીવનમાં, વાણીમાં અને વર્તનમાં વિવેક આપજો, જેથી હું મારા ગ્રાહકો ને સંતોષ આપી શકું.

લક્ષ્મી પૂજા કરી આપણે પ્રાર્થના કરીએ છીએ કે મારા દ્વારા કમાવા માં આવતી લક્ષ્મી દાન ના માર્ગે અને જીવન ની ઉન્નતી ના માર્ગે વપરાય.

આવા ભાવ થી પરિવાર નું કલ્યાણ થાય છે, માટે આ દેવીઓને આપણે દીપાવલી ના દીવા પ્રગટાવી આમંત્રિત કરીએ છીએ અને કુબુદ્ધિ રૂપી અંધકાર નો નાશ કરવા માટેની પ્રાર્થના કરીએ છીએ. આ વર્ષે પણ ઘણા ભક્તોએ આ પૂજા માં ભાગ લીધો હતો. જેમાં ભૂદેવો દ્વારા દિવ્ય પૂજા કરાવવામાં આવી હતી.

નૂતન વર્ષ ૨૦૭૨ - અન્નકૂટ દર્શન

અન્નકૂટ પૂજા મહોત્સવ અને ગોવર્ધન નાથજી ના મહિમા ની ગાથા ભગવાન કૃષ્ણ દ્વારા સમાજ ને મળી છે. દેવ ઇન્દ્ર ના અભિમાન નો નાશ કરી ભગવાન કૃષ્ણ ભક્તોને કહે છે, કે તમે ઇન્દ્રની પૂજા ન કરી, ગોવર્ધન પર્વતની પૂજા કરો, કારણ કે ગોવર્ધન પર્વત દ્વારા વૃક્ષ, વનસ્પતિ અને અન્ન પાકે છે. એટલા માટેજ વર્ષા (વરસાદ) થાય છે. ભગવાન એ પણ કહે છે, કે જયારે જયારે શરીર ના દોષ ને મારવામાં સફળ બનો ત્યારે એક નવા વર્ષ નો અનુભવ કરો અને બધા સાથે હળી મળી, બેસી અને જમો કારણ

જેના અન્ન ભેગા તેના મન ભેગા.

ભગવાને સાત દિવસ સુધી ગોવર્ધન પર્વતને ને ધારણ કર્યો અને રોજ ભગવાન ને ગોકુળ વાસી તરફ થી આઠ આઠ વાનગી ધરવામાં આવી, આમ કરી છપ્પન વાનગી નો ભોગ ધર્યો, જેથી આપણે પણ ભગવાનને છપ્પન ભોગ નો અન્નકૂટ ધરીએ છીએ. કૂટ નો સામાન્ય અર્થ થાય છે પર્વત, ઉદાર હાથે પર્વત સમું અન્ન અર્પણ કરો અને પ્રસાદી રૂપે સાથે જમો અને નૂતન વર્ષનો આરંભ કરો.

વસ્ત્ર શુદ્ધ, વાણી પવિત્ર અને જીવમાત્ર પ્રત્યે દયા-ભાવ રાખી અને એકમેક ને મળો. જેથી વિચાર, વાણી અને વર્તન માં વિવેક આવે માટે આપણે પણ આવીજ

In 2017, New Year and Annkut Darshan is on Friday, 20 October

રીતે તૈયાર થઈ, મીઠાઈ વિતરણ કરી અને નવા વર્ષ નો પ્રારંભ કરીએ છીએ.

શ્રી હિંદુમંદિર હર વર્ષે ભવ્ય અન્નકૂટ ધરી, ગોવર્ધન નાથજી ની પૂજા નું સુંદર આયોજન કરે છે, જેમાં ભક્તો ની મોટી ભીડ જોવા મળે છે.

આ દિવસે સમૂહ આરતી નું આયોજન પણ કરવામાં આવે છે. અને મંદિર નો વાર્ષિક અહેવાલ આપતો એક અંક પણ બધાજ ભક્તો ને આપવામાં આવે છે, જે ભક્તિ દર્શન આપ અત્યારે વાંચી રહ્યા છો.

આશા છે કે આપ ને આ અંક સાનુકુળ લાગ્યો હશે. આ વખત ના નુતન વર્ષ ની પણ આપ સૌને ખુબ ખુબ શુભેચ્છા સાથે જય શ્રી કૃષ્ણ.

તુલસી વિવાહ

તુલસી માતાજી ના ત્રણ અવતાર છે. તુલસીજી ના પતિ જાલંધર નું મૃત્યુ શિવજી થી પણ શક્ય ના બન્યું કારણકે તે સતી વૃંદા (તુલસી) ના તપ ના પરિણામે શક્તિશાળી બન્યો છે. તેથી ભગવાન વિષ્ણુ ચતુરાઈ થી જાલંધરનુ રૂપ લઈને સતીના તપ નું ખંડન કરે છે. જેને કારણે જાલંધરનો વધ થાય છે. આ કારણે સતી વૃંદા, ભગવાન વિષ્ણુને શ્રાપ આપે છે, કે તમારું પથ્થર જેવું હૃદય છે, તમે મારા પતિનું રૂપ લઈને મારા તપનું ખંડન કરવા આવ્યા, તમને જરા પણ દયા ના આવી? હું તમને શ્રાપ આપું છું, કે તમે હવે પથ્થર બની જાવ અને તમારું દીલ ચોખ્ખું ના હોવાથી તમને કોઈ દીવસ ચોખા પણ નઈ ચડે. જેથી શાલીગ્રામ ભગવાનની રચના થઇ. આ કારણસર ભક્તો તુલસીજી ના ક્યારા માં પથ્થર રૂપી શાલીગ્રામ ની પૂજા કરે છે. તે વિષ્ણુ ભગવાન નો અવતાર છે. પણ ઘણા ભક્તો પૂજા સમયે ચોખા પણ ચડાવે છે, જે શાસ્ત્ર વિરુદ્ધ છે કેમેકે શાલીગ્રામ ભગવાનને હંમેશા જવ ચઢાવવામાં આવે છે.

સતી વૃંદા પોતાના પતિ ના મૃત્યુ થવાથી તુલસીજી ના છોડ રૂપે રહે છે અને ભગવાન કહે છે કે મારા લીધે તમારા પતિનુ મૃત્યુ થયું છે, તો હું વચન આપું છુ કે હુંજ તમારી સાથે લગ્ન કરીશ અને ત્યાર પછીજ પૃથ્વી ઉપર મનુષ્ય લગ્ન કરી શકશે. માટે વર્ષ ના ચાર મહિના લગ્ન થતા નથી અને તુલસી વિવાહ પછીજ શુભ મુહુર્ત આવે છે અને વર્ષના પ્રારંભમાં જ સૌ પ્રથમ ભગવાન ના લગ્ન તુલસીજી સાથે ઉજવવામાં આવે છે. જે કાર્તિક સુદ એકાદશી નો દિવસ હોય છે.

આ વર્ષે કન્યા પક્ષ ના યજમાન શબરી મહિલા મંડળ અને જાન પક્ષ ના યજમાન સુધાબેન પંચમતિયા અને ઉષાબેન નવીનભાઈ પંચમતિયા રહ્યા હતા, જેમણે ધામધૂમ થી મંદિર ના સહકાર થી આ મહોત્સવ ઉજવ્યો હતો.

તુલસી અને શાલીગ્રામ ભગવાનના લગ્નની અવિસ્મરણીય યાદી

શીતલા માતાજી મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

પૃથ્વી નો પ્રાણ એટલે વાયુ અને પાણી, શરીર નો પ્રાણ એટલે શ્વાસ એમજ મંદિર નો પ્રાણ એટલે પ્રતિષ્ઠિત ઈશ્વર

વિ.સં ૨૦૭૨ મહા સુદ ૧૩ એટલે શીતલા માતાજી પ્રાણ પ્રતિષ્ઠા અને વિશ્વકર્મા ઇત્યાદિ દેવો નો હિંદુ મંદિરમાં પાટોત્સવ.

દરેક હિંદુ સમાજ માં શીતલા માતાજી નું ઘણું મહત્ત્વ જોવા મળે છે. પહેલું સુખ તે જાતે નર્યા.

જ્યારે જ્યારે શરીર માં ગરમીનું પ્રમાણ વધે ત્યારે ત્યારે રોગ વધતા જોવા મળે છે. ત્યારે આપણે શીતલા માતા ને શરણે જઈએ છીએ. વળી ગર્ભાશય માં નવ મહિના રહ્યાં પછી શરીરમાં જે ગરમી થાય છે, તે ગરમી અચબડા ના રુપ માં બહાર આવે છે. ત્યારે આપણે શીતલા માતાજી ની માનતા રાખીએ છીએ, જ્યાં સુધી અચબડાની ગરમી શરીર માં હોય ત્યાં સુધી નિયમમા રહીએ છીએ, અને પાંચ-સાત દિવસ પછી માનતા પુરી કરી બંધનો માંથી મુક્ત થઇએ છીએ.

સાથે માતાજી ની કૃપા મેળવવા શ્રાવણ માસ માં શીતલા સાતમે ઠંડુ ખાઈએ છીએ. આમ, મા બાળકોને આરોગ્ય આપે છે. માટે આપણાં મંદિર માં શિતલા માતાની સ્થાપના કરવામાં આવી હતી.

આ નવી મૂર્તિ ની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ના યજમાન શ્રી રણજીત ભાઇ સોનેગ્રા અને પરિવાર હતા. મંદિરના આચાર્યો અને અન્ય ભૂદેવોના સહકાર સાથે મા ની પ્રતિષ્ઠા થઇ. ગણેશ સ્થાપના પછી ભૂદેવો ના સહકારથી પંચાંગ પૂર્ણ થયું. માતાજી નો કુટિર હવન, જલાધીવાસ, ધાન્યાધિવાસ પૂર્ણ કરી, પ્રતિષ્ઠા ના હવન વગેરે બ્રાહ્મણે ના સહકારથી પૂર્ણ કર્યા. સ્થિર મુહૂર્ત માં પ્રતિષ્ઠા સંપન્ન થઈ.

સાથે સાથે શ્રી રાંદલ માતા, શ્રી બળીયા દેવ, શ્રીરામદેવ પીર, શ્રી વચ્છરાજ ડાડા, શ્રી જલારામ બાપા, શ્રી સંઇબાબા, વિશ્વકર્મા દાદા નો પાટોત્સવ પણ આ જ દિવસે ઉજવાયો. અને એના યજમાનો હતા:

શ્રી સુરેન્દ્રભાઇ નાકેશ્રી, શ્રી શન્તાબેન રાણા, શ્રી માડણભાઇ ઓડેદરા, શ્રી થાનકી પરિવાર, શ્રી મણીબેન ટંડેલ, શ્રી મિસ્ત્રી પરિવાર અને શ્રી દિવ્યેશભાઇ.

ભક્તો દ્વારા ધ્વજા ચઢાવવાનો સમય થયો. બ્રાહ્મણો દ્વારા ધ્વજા નું પૂજન અર્ચન થયું અને વાજતે ગાજતે મંદિરના શિખરે ધ્વજા ચઢાવવામાં આવી અને આ રીતે આ બન્ને પ્રસંગો સાંગોપાંગ પૂર્ણ થયાં.

જય માતાજી.

સંતોષી માતાજી

જય જય સંતોષી માતા જય જય માં

"સંતોષી નર સદા સુખી"

આ કહેવત બોલીએ છીએ પણ સંતોષ છે ખરો? આજે આપણે ઘણુ બધું ભેગું કર્યું છે, એ શું આપણે વાપરી શકીએ છીએ? ના, કારણ કે આપણી પાસે સંતોષ નથી. આ માટે આપણે સંતોષી મા ની કથા કરીએ છીએ.

ગણેશ ની ઉપાસના કરવાથી રીધ્ધી-સીધ્ધી ની પ્રાપ્તિ થાય તો રીધ્ધી-સીધ્ધી પ્રાપ્ત થતાં શું મળવું જોઇએ? તો જવાબ મળ્યો સંતોષ, પરંતુ આ બધું મળ્યા પછી પણ સંતોષ મળતો નથી માટે આપણે સંતોષી મા ની કથા, પૂજા અને વ્રત કરીએ છીએ. જયાં સુધી સંતોષી મા ની કૃપા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સંતો દ્વારા મળતો ઉપદેશ સમજાતો નથી. ઉપદેશ મળે તો જ્ઞાન મળે અને તો જ મન ને સંતોષ થયો તેવું કહેવાય. માટે જ સંતોષી માતા નું વ્રત કરવું જોઈએ.

વળી આપણે વ્રત કરીએ પરંતુ વ્રત ના ફળ ની આશા શું રાખીએ? ધન-દોલત કે વ્યવહારિક સંતોષ? આપણે બધ્ધી કામનાઓ પુરી કરી શક્તા નથી, કારણ કે એક ઇચ્છા પૂરી થઈ નથી કે બીજી ઇચ્છા તૈયાર જ છે. આમ આપણો લોભ પણ દિવસે દિવસે વધતો જાય છે. સંતોષી મા નું વ્રત કરીએ ત્યારે એક જ સંકલ્પ કરવો જોઈએ કે 'હે મા, મારા મનને સંતોષ તરફ વાળો'.

આ માટે જ સંતોષી મા ની સમૂહ પૂજા કથા નું આયોજન શ્રી હિંદુ મંદિર તરફથી કરવા માં આવ્યું હતું. આ આયોજન માં મોટી સંખ્યા માં ભક્તો એ ભાગ લીધો હતો. આ સમૂહ કથાના મુખ્ય યજમાન શ્રી ભીખુભાઈ કોટેચા અને પરિવાર હતાં. એમની સાથે મોટી સંખ્યા માં ભક્તો એ પેટા યજમાન તરીકે લાભ લીધો હતો. જેમાં લેસ્ટર સીવાય બીજા અલગ અલગ શહેરો માં થી પણ ભક્તો આવ્યા હતાં. આ સમૂહ કથા ના આયોજન મુજબ મંદિર

ના આચાર્યો દ્વારા પૂજન અને કથા સંપૂર્ણ થયા બાદ ભોજન પ્રસાદી ની વ્યવસ્થા થઈ. ખીર, પૂરી, ચણાનું શાક વગેરે મુખ્ય ભોજન પીરસાયું. ત્યાર બાદ રાસ ગરબાના કાર્યક્રમો યોજાયા.

માતા સંતોષી આપ સૌની આશા પુરી કરી સંતોષ ની પ્રાપ્તિ કરાવે એવી પ્રાર્થના.

શનિ જયંતી મહાપૂજા

શનિ મંત્રઃ

નીલાંજન સમાભાસમ રવિ પુત્રમ યમ-અગ્રજમ
છાયા માર્તંડ સંભૂતમ તમ નમામિ શનૈશ્ચરમ ॥

વૈસાખી અમાસ એટલે શનિ જયંતી.

શનિ દેવ સૂર્ય ભગવાન અને છાંયાયા દેવી ના પુત્ર હતા. તેઓ યમરાજ અને યમુના દેવીના ભાઈ હતાં.

નવ ગ્રહોમાં એમનું સ્થાન સાતમું છે. વેદોએ પણ તેમને દેવનું સ્થાન આપ્યું છે, એવા શનિ મહારાજનો જન્મ સૌરાષ્ટ્રમાં થયો. એમનું કાશ્યપ ગોત્ર છે, એમનું સ્થાન પશ્ચિમ દિશામાં છે. જેમનુ નૈવેદ્ય ખારેક છે. અડદ અને તલ એમનું અનાજ છે. તલનું તેલ એમને પ્રિય છે.

એમના સ્વભાવ પ્રમાણે એમનો રંગ કાળો છે. એવા શનિ મહારાજની કૃપા પ્રાપ્ત કરવા થી સિદ્ધિના શિખર ને સર કરી શકાય છે.

શનિ મહારાજની અમી દ્રષ્ટિ જીવનમાં બહુમુલ્ય ફાળો આપે છે. શનિ મહારાજ ન્યાય ની દ્રષ્ટીએ કર્મ પ્રમાણે ના ફળો આપતા હોય છે.

શ્રી હિંદુ મંદિરમાં આ વર્ષે તારીખ ૧૦ મે ૨૦૧૬ ના શનિવારે સવારે ૧૦:૩૦ વાગ્યે શનિ પૂજા નો પ્રારંભ થયો. પૂજાના મુખ્ય યજમાન મીના બેન અને પરિવાર બન્યા હતાં સાથે પેટા યજમાનોના સહકારથી આ ઉત્સવ સાકાર થયો.

શનિ મહારાજ ની યથાશક્તિ પૂજન અભિષેક થયા, ત્યાર બાદ 'ઓમ પ્રાં પ્રીં પ્રૌં સઃ શનૈસ્ચરાય નમઃ' ના ભક્તિ ભાવ સાથે બધાએ ભેગા મળી જપ કર્યા. જે સમય નું વાતાવરણ આનંદમય હતું.



કુળદેવી યજ્ઞ અને સમૂહ નીવેદ

કુળદેવી એટલે શું?

આદીકાળ થી આપણા વંશ ની લાજ, માન, પ્રતિષ્ઠા અને મર્યાદા ને પોતાના આશીર્વાદ અને કૃપા થી જીવંત રાખનારી મા જગદંબા ના કોઈ પણ એક રૂપ ધારણ કરી બીરાજનારી દેવી ને આપણે કુળદેવી તરીકે ઓળખીએ છીએ.

નીવેદ ક્યારે અને કઈ વાનગી ના ધરવા?

આજનો યુવા વર્ગ કુળદેવી, ઇષ્ટદેવ, વાર્ષીક નીવેદ અને તેમાં ધરાવતા ભોગ વગેરે નું જ્ઞાન ભૂલવા માંડ્યો છે. એક સમય હતો જયારે આપણા વડીલો ની આજ્ઞા અનુસાર લગ્ન પછી, બાળકના જન્મ વખતે, પ્રવાસ વખતે અને નૂતન વર્ષ માં આપણે આપણા કુળદેવી માતાજી વગેરે ના નીવેદ ધરતા અને છેડા-છેડી છોળવા જતા.

નીવેદ માં લાપ્સી, ખીર, રોટલી ના પળ, તલવટ, ગોળ વાળા ભાત, શ્રી ફળ, ચુંદડી અને માતાજી નો શ્રીંગાર વગેરે કુટુંબ ની પરંપરા ગત અર્પણ કરતા. શ્રી હિંદુ મંદિર ભારતીય સંસ્કૃતિ ને જાળવવા નિત્ય નૂતન પ્રયાસો કરે છે.

નીવેદ નું ફળ શું? અને કોણે કરવા?

નીવેદ માતા પિતા દ્વારા દીકરા કે દીકરી ના સફળ દામ્પત્ય ના જીવન ની કામના માટે લગ્ન થી પહેલા કરવામાં આવે છે. અને વંશવૃદ્ધિ ની કામના માટે લગ્ન પછી નવદંપતી દ્વારા કરવામાં આવે છે. નવ જાત બાળક ના જન્મ પછી સવા મહિના માં નીવેદ કરવા જોઈએ, જે બાળક ના ઉજ્જવળ ભવિષ્ય માટે માતા દ્વારા થવા જોઈએ. વિદેશ માં રહેતા ભારતીઓ માટે ભારત પ્રવાસ પહેલા પણ નીવેદ કરવા જોઈએ જે સુખ ની પ્રાપ્તિ માટે છે. નૂતન વર્ષ માં અથવા વાર્ષિક નીવેદ કુળદેવી ની નિરંતર કૃપા માટે સંપૂર્ણ પરિવાર દ્વારા કરવામાં આવે છે.

જો આ પ્રમાણે ભારતીય સંસ્કૃતિ ની સાચવણી રાખવામાં આવે તો જીવન માં કોઈ પણ બાધા આવતી નથી કારણ કે શાસ્ત્ર માં કહ્યું છે કે ...

ધર્મો રક્ષતિ રક્ષીતઃ

કુળદેવી યજ્ઞ નું મહત્વ?

મા કુળદેવી ની કૃપા થી પરિવાર માં ધનધાન્ય ની વૃદ્ધિ થાય, અને અવિરત સુખ ની પ્રાપ્તિ બની રહે, માટે વર્ષ માં એક વખત કુળદેવી નો ભાગ તેના યજ્ઞ રૂપે અર્પણ કરવો જોઈએ. જેથી મા ભગવતી ની કૃપા થી વર્ષ દરમ્યાન મળેલું ધન અને ધાન્ય શુદ્ધ થાય છે. સાથે સાથે દેવી ઋણ માંથી પણ મુક્ત થવાય છે.

આ વખતે સર્વ પ્રથમ લોકહિત ને ધ્યાન માં રાખી આ યજ્ઞ ઉત્સવ નું આયોજન થયું હતું. જેમાં આવળાભાઈ લીલાભાઈ કારાવદરા, ભરતભાઈ મોઢવાડિયા, સતીશભાઈ વિસાવાડિયા, જયંતીભાઈ ગોહેલ, પ્રતાપભાઈ ખુંટી, ગોગનભાઈ, સુમીતભાઈ પરમાર વગેરે યજમાનો તરફ થી મહત્વ નું યોગદાન મળેલું.

માતાજીનો યજ્ઞ, પૂજા, નીવેદ, રામદેવપીર નો અભિષેક, સામૈયા અને મહાપૂજા નું આયોજન ખુબજ મોટી સંખ્યામાં ભાવ વિભોર ભક્તોએ ઉજવ્યો હતો.

જય માતાજી

મહા શિવરાત્રિ

કાલરાત્રી મહારાત્રી મોહરાત્રી સ્ચ દારુના

આમ મહારાત્રી એ શિવરાત્રી અને શિવરાત્રી એટલે શિવ આરાધન 'અજન્માનો લોકા' જેનો જન્મ જ નથી થયો, જે અજન્મા છે, એવા ભગવાન શિવની ઉપાસના એટલે શિવરાત્રી.

આ દિવસે દરેક ભક્તો શિવજી ને દૂધ ચઢાવવા માટે મોટી સંખ્યા માં મંદિરોમાં જતા હોય છે. એવા આપણા શ્રી હિંદુ મંદિર માં પણ મોટી સંખ્યા માં ભક્તો ની કતાર સવાર થી જ જોવા મળે છે. શિવ એ કલ્યાણ કરનારા મહાદેવ છે. જેમણે સર્વ નું કલ્યાણ જ કર્યું છે. સમુદ્ર મંથન માં અમૃત લોકો એ વહેચી લીધું પરંતુ વિષ શિવજી ને જ ધર્યું. સુગંધી ફૂલો દરેક ભગવાનને ચઢાવ્યા પરંતુ ધન્તુરો તો માત્ર શિવજીને જ. ચંદન બધાયને ચઢે પરંતુ ભસ્મ શિવજીને જ. આમ ભગવાન દેવમાંથી મહાદેવ કહેવાયા. એટલા માટેજ કોઈ ભક્તે એ લખ્યું છે

"ઝહેર પિયા, જીવન દિયા, કિતના ઉદાર તું... આયો શરણ તિહારી પ્રભુ તારતાર તું"

પ્રત્યેક જીવે શિવ થવાનું છે, જેનો રસ્તો શ્રી કૃષ્ણ ભગવાને ગીતાજીના બારમાં અધ્યામાં છત્રીસ ગુણોનું વર્ણન કરી બતાવ્યો છે. જે પ્રાપ્ત થાય તો જીવ શિવ બને, અને મોક્ષ ની પ્રાપ્તિ થાય. જે એક જન્મમાં શક્ય નથી પરંતુ જે શિવ કૃપા થી જ શક્ય બને.

આપણા ધર્મમાં ચાર પુરુષાર્થ બતાવેલા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ગત જન્મના કર્મ પ્રમાણે ધર્મ પ્રાપ્ત થાય, ધર્મ સાથે રાખી અર્થ ની પ્રાપ્તિ કરવી, ધર્મ દ્વારા કામનાઓ પૂર્ણ કરવી અને ધર્મ દ્વારા મોક્ષના માર્ગે આગળ વધવું, જે શિવકૃપા થી જ શક્ય બને છે. આ જ્ઞાન પ્રાપ્ત થતાં વેર ભૂલાય છે માટે જ નંદી અને વાઘ એકબીજાના શત્રુ હોવા છતાં શિવજીના સાન્નિધ્ય માં શત્રુતા ભૂલ્યા છે. ઉંદર અને નાગ, મોર અને નાગ પણ શિવ ચરણોમાં ભેગા થતાં વેર ભાવના ભૂલ્યા છે. જે શિવ ચરણો માં જ શક્ય બને છે માટે શિવ આરાધના જરૂરી છે.

શિવરાત્રી ની ઉપાસના નો સમય રાત્રી ના ચાર પ્રહર નો બતાવેલ છે, જે સુર્યાસ્ત થી સૂર્યોદય નો છે. આ કારણે

શિવરાત્રી નો ઉપવાસ કરી, રાત્રે જાગરણ કરીને ચાર પ્રહર ની પૂજા કરવામાં આવે છે. સાથે શિવરાત્રી ના દિવસે સવારની પૂજા કરતા પણ શિવરાત્રી ની છેલ્લા પ્રહરની પૂજાનું મહત્વ ઘણું બતાવેલ છે. જો શક્ય બને તો પૂજા કરવી અથવા શિવ મંત્ર ના જપ કરવા. હેમાદ્રી માં બતાવેલ સિદ્ધાંત મુજબ દરેક હિંદુએ બે અગિયારસ, જન્માષ્ટમી, રામ-નવમી અને શિવરાત્રી ના પાંચ ઉપવાસો કરવા જોઈએ.

દરેક મંદિર માં શિવજીને દૂધ ચઢાવવા નું ઘણું મહત્વ જોવા મળે છે, પરંતુ *'જલધારા શીવપ્રીયઃ'* માટે મંદિર માં દૂધનું પ્રમાણ ઘટાડી જળનું પ્રમાણ વધારશો, મંદિર ને સ્વછ રાખવા અમને મદદરૂપ થશો એજ પ્રાર્થના.

પ્રભુ ને કરજોડી વંદન, આપણે શિવ-આરાધના સમજીએ, શિવ કૃપા પ્રાપ્ત કરીએ. જીવ શિવ બને અને મોક્ષ ના માર્ગે આગળ પગરણ માંડીએ એજ અભ્યર્થના.

સત્યમ શિવમ સુંદરમ

ૐ નમઃ શિવાય

In 2017, Maha Shivratri is on Friday, 24 February

હોળી

હોળી અને પ્રકૃતિ

હિંદુ પંચાંગ અનુસાર ફાલ્ગુન માસ ની પૂર્ણિમા ના દિવસે હોળી ઉત્સવ મનાવવામાં આવે છે. હોળી તે એક રીતે વસંત ઋતુ ને આવકારતો તહેવાર પણ છે. રાગ અને રંગ આ ઉત્સવ ના પ્રમુખ ચિન્હો છે. જેમાં રંગ અને ગીત નું મહત્વ છે. વસંત ઋતુ માં પ્રકૃતિ પણ ખીલી ઉઠે છે. ફાલ્ગુન માસ માં મનાવવાના કારણે એને ફાલ્ગુની પણ કહેવામાં આવે છે. આમતો હોળી નો પવિત્ર તહેવાર વસંત પંચમી થી જ પ્રારંભ થઈ જાય છે. ખેતરો માં બીજ ખીલી ઉઠે છે. બાગ અને બગીચા માં ફૂલ અને ફળ ના આગમનનો પ્રારંભ થાય છે, અને એની આકર્ષક છટા છવાઈ જાય છે. વૃક્ષ, છોડવા, પશુ અને પ્રાણી ઉલ્લાસ થી પરિપૂર્ણ થવા લાગે છે. ખેતરો માં પણ અનાજ ઉત્પાદન નો પ્રારંભ થાય છે. બાળકો, યુવાનો અને વૃદ્ધો નાચ-ગાન સાથે રંગો થી રંગાય છે. સાથે સાથે સંગીત નો પણ આનંદ ઉઠાવે છે. હોળી ના દિવસે ખજુર, ધાણી અને દાળીયા નું ખુબજ મહત્વ છે.

હોળી નું પોરાણિક મહત્વ.

મહર્ષિ કશ્યપ અને દિતિ ના પુત્ર હિરણ્યકશીપું, ભગવાન વિષ્ણુને પોતાના શત્રુ માનતાં અને તે પોતેજ ભગવાન છે એવું માની અને ધર્મ, મંદિર વગેરે સત્કર્મ નો વિરોધ કરતા. પરંતુ એનોજ પુત્ર પ્રહલાદ ભગવાન નો પરમ ભક્ત બન્યો. જે લાખ પ્રયાસો પછી પણ ભગવાન ની સાધના છોડતો નહિ. હિરણ્યકશીપું ની બહેન હોલિકા ને શિવજી પાસે થી ચાદર મળી હતી કે જે ક્યારેય બળે નહિ અને જેને માથે આ ચાદર હોય તેનું મૃત્યુ ના થાય. માટે હિરણ્યકશીપું પ્રહલાદ ને હોલિકા સાથે અગ્નિમાં બેસાડી મારી નાખવાનો પૂર્ણ પ્રયાસ કરે છે. પણ દેવ કૃપા થી એ ચાદર પવન દ્વારા ઉડીને પ્રહલાદ ઉપર આવે છે, જેથી પ્રહલાદ એટલે કે સદવિચાર ની રક્ષા થાય છે અને હોલિકા એટલે કે દુર્બુદ્ધિનો નાશ થાય છે. માટે સદભાવનાની રક્ષા અને દુર્બુદ્ધિના પરાજય ના આનંદમાં આ ઉત્સવ ઉજવવામાં આવે છે. જેમાં પહેલાં શ્રી ગણેશ પૂજા અને સ્વસ્તી વાંચન અને ભગવાન નારાયણનું પૂજન કરવામાં આવે છે.

સંસ્કૃત ગ્રંથો મા હોળી

શ્રીમદ ભાગવત માં પણ રસ ના સમૂહ રાસ નું વર્ણન છે. કવિ હર્ષ ની પ્રીયદર્શિકા, કવિ કાલીદાસ નું કુમારસંભવ, માલ્વીકાગ્નીમિત્ર અને ઋતુસંહાર માં તો પૂર્ણ એક સર્ગ વસંત ઉત્સવ માટે આપવામાં આવ્યો છે. કવિ ભારવી તથા કવિ માઘ જેવા અન્ય ઘણા સંસ્કૃત કવિઓ એ હોળી નું મહત્વ અને વર્ણન કર્યું છે. ચંદ બરદાઈ કવિ (૧૧૪૯-૧૨૦૦) દ્વારા રચિત હિંદી મહાકાવ્ય પૃથ્વીરાજ રાસ માં હોળી મહત્વ સુંદર બતાવ્યું છે. આદિકાળ કવિ વિદ્યાપતિ થી કરી અને ભક્તીકાલીન સુરદાસ, રહીમ, રસખાન, પદ્માકર, જાયસી, મીરાબાઈ અને કબીર જેવા અનેક કવિઓ એ હોળી નું મહત્વ ગાયું છે. મહાકવિ સુરદાસ ના તો હોળી ઉપર ૭૮ પદ છે. સુફી સંત હજરત નીજામુદ્દીન ઓલીયા, અમીર ખુસરો અને બહાદુર શાહ ઝફ્ફર જેવા ઘણા મુસ્લિમ કવિઓ એ પણ હોળી નું મહત્વ સમજાવ્યું છે.

શ્રી હિંદુ મંદિર નો હોળી ઉત્સવ

શ્રી હિંદુ મંદિર દ્વારા આયોજિત હોળી ઉત્સવ દર વર્ષ ની જેમ સ્પીનીહીલ પાર્ક માં ઉજવવામાં આવ્યો હતો. જ્યાં ખુબજ મોટી સંખ્યામાં ભક્તોએ દર્શન નો લાભ લીધો હતો. જેમાં નવજાત બાળકો ની વાળ ની વિધિ પણ ઢોલ, વાજા સાથે કરવામાં આવી હતી. આપણા મંદિર દ્વારા આરોગ્ય સુરક્ષા કેન્દ્ર, તેમજ પોલીસ અધિકારી ગણ અને સ્વયંસેવક ની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉત્સવ સંપૂર્ણ કાયદા અનુસાર પરવાનગી સાથે સ્વછત્તા વગેરે ને ધ્યાન માં રાખી અને ઉજવવામાં આવ્યા હતો. જેમાં મુખ્ય અતિથી રૂપે ઘણા અધિકારી ઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ખજુર, ધાણી અને દાળિયા ની પ્રસાદી વિતરણ મંદિર તરફ થી કરવામાં આવ્યું હતું. આશા છે કે આપ સૌને આનંદ આવ્યો હશે.

જય શ્રી કૃષ્ણ

કવિ રસખાન દ્વારા હોળી નું વર્ણન

यह मिठ्ठी की चतुराई है, रुप अलग और रंग अलग

भाव विचार तरंग अलग है, ढाल अलग है ढंग अलग

आज़ादी है जिसको चाहो, आज उसे कर लो,

होली है तो आज अपरिचित से परिचय कर लो.

निकट हुऐ तो बनो निकटतर, और निकटतम भी जाओ,

रुढ़ीरीति के और नीति के, शासन से मत घबराओ,

आज नहीं बरजेगा कोई, मनचाही कर लो.

होली है तो आज मित्र को पलकों में घर लो.

प्रेम चिरंतन मूल जगत का, वैर-घृणा भूलें क्षण की,

भूलचूक लेनीदेनी में, सदा सफ़लता जीवन की,

जो हो गया बिराना उसको फ़िर अपना कर लो,

होली है तो आज शत्रु को बांहो में भर लो.

होली है तो आज अपरिचित से परिचय कर लो,

होली है तो आज मित्र को पलकों में घर लो,

भूल शूल से भरे वर्ष के वैर-विरोधो को,

होली है तो आज शत्रु को बांहो में भर लो.



In 2017, Holi is on Saturday 11 March in Spinney Hill Park, Leicester

શ્રી રામ નવમી

શ્રી હિંદુ મંદિર દ્વારા ચૈત્ર સુદ નોમ તા. ૧૫મી એપ્રિલ ૨૦૧૬ના દિવસે ખૂબ હર્ષ અને ઉલ્લાસ પૂર્વક ઉજવવામાં આવ્યો. જેમાં "अवध में आनंद भयो जय रघुवीर लाल की" અને "श्री राम, जय राम, जय जय राम" ના નાદ સાથે મંદિર ગુંજી ઉઠ્યું હતું. ભગવાન ભાવ પૂર્વક પારણા માં જુલ્યા હતા. જેમાં મહેશભાઈ દવે અને ત્રિવેણીબેન દવે પરિવાર દ્વારા શ્રી રામ પૂજા અને અભિષેક કરવામાં આવ્યા હતાં.

શ્રી સૂર્ય નારાયણ ની ચોસઠ મી પેઢી માં શ્રી રામ જન્મ્યા હતાં. શ્રી રામ ને ત્રણ ભાઇઓ અને એક બહેન હતાં. ભાગવાન શ્રી રામ નું રાજ્ય આજે પણ રામ રાજ્ય તરીકે ઓળખાય છે. રામ જેવી પ્રજા પ્રત્યે ની નીતિ, રીતી અને પ્રીતિ અદભૂત હતી. જેમાં ભીતિ નું કોઈ સ્થાનજ ન હતું. રામ રાજ્ય માં પ્રજા સુખી હતી. લોકો જુઠ્ઠું બોલતાં નહિ, ચોરી કરતા નહિ, સંપ અને એક મેક ની ભાવના ને મહત્વ મળતું.

રાજ્ય ના દરેક નિર્ણય ધર્મ અને શાસ્ત્ર સંમત લેવામાં આવતા હતાં. રામ રાજ્ય માં બ્રામ્હણ, વડીલ અને વિદ્વત્તા ને માન હતું. આપણા મંદિર માં પણ આવી ભક્તિ, શ્રદ્ધા, ભાવ, સંપ અને શ્રેય પ્રાપ્તિ ના ભાવ થી મહત્વ નો આ ઉત્સવ ઉમંગ ભેર ઉજવવામાં આવે છે.

સર્વને જય શ્રી રામ

In 2017, Shree Ram Navami is on Tuesday, 4 April

Regular Activities At Shree Hindu Temple

Yoga Classes

Every Monday from 10:30 am to 11:30 am for children and adults of all ages.

યોગા

દર સોમવારે યોગા ના વર્ગો સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી ચાલે છે.

GCSE Tuitions

English, Maths and Science classes every Tuesday from 5pm to 7pm for children studying for GCSE examinations

અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન

દર મંગળવારે અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાનના વર્ગો સાંજના ૫ થી ૭ વાગ્યા સુધી ચાલે છે.

Gujarati Classes

Every Thursday and Friday from 5pm to 7pm for children aged between 5 to 16 years old.

ગુજરાતી શિખો

દર ગુરૂવારે અને શુક્રવારે બાળકોના ગુજરાતી વર્ગો સાંજના ૫ થી ૭ વાગ્યા સુધી ચાલે છે.

Sabri Satsang Mandal

Bhajan & Kirtan with Sabri Satsang Mandal on every Monday & Thursday from 2pm - 4pm.

શબરી મંડળનો સત્સંગ

દર સોમવારે, ગુરૂવારે અને આગિયારસના શબરી મહિલા મંડળનો સત્સંગ બપોરે ૨ થી ૪ વાગ્યા સુધી હોય છે.

Sakhi Mandal

Come and join us on variety of activities every Friday 11am - 1pm

સખી મંડળ

દર શુક્રવાર સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી.

Gitaji Classes

Regular Bhagvad Gita classes will be starting in 2016.

ગીતાજી ના વર્ગો.

ભાગવત ગીતા ના વર્ગો થોડાજ સમયમાં માં શરૂ થશે.

શ્રી સત્યનારાયણ કથા

કલિયુગ માં કેવલ સત્યનારાયણ નું વ્રત અને કથા જ શ્રેષ્ઠ ફળ આપનારું વ્રત છે. આ વ્રત ભગવાન વિષ્ણુ પરમાત્મા નું છે.

જેવી રીતે ભગવાન શ્રી કૃષ્ણ દ્વારા અર્જુનજી ને શ્રીમદ ભગવત ગીતા સંભળાવવામાં આવી, તેવીજ રીતે ભગવાન શ્રી વિષ્ણુ દ્વારા વૈંકુઠ માં નારદજી ને સત્યનારાયણ કથા નો મહિમા સમજાવવામાં આવ્યો. કલિયુગ માં આ વ્રત ખૂબજ સરળ અને શુદ્ધ છે. ભક્તો દ્વારા જો આ વ્રત શ્રદ્ધા, વિશ્વાસ અને પવિત્રતા થી કરવામાં આવે તો મન વાંછિત ફળ ની પ્રાપ્તિ થાય છે. કારણ કે આ વ્રત માં શ્રી વિષ્ણુ સહસ્ત્ર ના પાઠ નો સમાવેશ કરવામાં આવ્યો છે, જે દરેક નામ શ્રીમદ ભાગવત માં કહ્યા છે, માટે આ પાઠ કરવા થી ભાગવતજી ના પાઠ સમાન ફળ મળે છે. કથામાં પ્રસાદ નું મહત્વ અધિક છે.

પ્ર એટલે પ્રભુ, સા એટલે સાક્ષાત અને દ એટલે દર્શન. ભાવ થી પ્રસાદ ગ્રહણ કરવા થી પ્રભુ ના સાક્ષાત દર્શન કર્યાના આનંદ ની અનુભૂતિ થાય છે. આ વ્રત કોઈ પણ પવિત્ર સ્થાન માં કોઈ પણ દિવસે અને સમયે કરી શકાય જેમાં મુહુર્ત ની પણ આવશ્યકતા હોતી નથી. આર્થિક સંપન્ન અને આર્થિક અસહાય ભક્તો પણ સરળતાથી આ વ્રત કરી શકે છે.

આ વ્રત નો ખૂબજ મહિમા હોવાથી શ્રી હિંદુ મંદિર માં દર વર્ષે કથાનું આયોજન કરવામાં આવે છે. આ વખતે ભક્તો ના આગ્રહ થી બે વખત આ વ્રત નું આયોજન થયું હતું. જેમાં ભક્તો દ્વારા ખૂબજ સહયોગ પ્રાપ્ત થયો હતો. વધારે સંખ્યા માં યુવા વર્ગે ભાગ લીધો હતો જે મહત્વ ની નોંધ છે.

સત્ય એજ નારાયણ છે અને જ્યાં નારાયણ છે ત્યાં સત્ય અટલ છે તેજ કથા નો મુખ્ય સાર છે.

હિંદુ મંદિરનો ૧૯ મો પાટોત્સવ

સ્થાપિત પ્રતિમાઓ ની શુદ્ધતા, પવિત્રતા અને તેજોમય પ્રતિભા ને પુનઃ શક્તિમાન કરવાની વેદોક્ત પદ્ધતી એટલે પાટોત્સવ. જેવી રીતે પ્રતિ વર્ષ આપણે આપણા ઘરને અને નિત્ય સવારે દેહ રૂપી ઘર ને શુદ્ધતા પૂર્વક શણગારીએ છીએ, એવીજ રીતે વર્ષ માં એક વાર પાટોત્સવ દ્વારા મંદિર ના દરેક વિગ્રહ (દેવ પ્રતિમા) નો જન્મ દિવસ ઉજવવા માં આવે છે, જે પાટોત્સવ તરીકે ઓળખવામાં આવે છે.

વર્ષ દરમ્યાન ગ્રહણ, અશુભ મુહુર્ત, સ્પર્શા-સ્પર્શ દોષ અને વિભિન્ન દ્રષ્ટિપાત દ્વારા થતા દોષ માંથી મૂર્તિઓ ને દોષ મુક્ત કરવામાં આવે છે. જેમાં પૂજન, અભિષેક અને યજ્ઞ દ્વારા વૈદિક પદ્ધતિ ને અનુસરવામાં આવે છે. જેમાં આ વખતે પણ શ્રી હિંદુ મંદિરમાં ૧૯ મો પાટોત્સવ વી.સં. ૨૦૭૨ ના વૈસાખ સુદ આઠમ તા. ૧૪મી મે ૨૦૧૬, શુક્રવારે ના શુભ દિવસે પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

આ શુભ પ્રસંગે યજમાન સવિતાબેન ટેલર, સુશીલાબેન પટેલ, પુષ્પાબેન પટેલ, સુરેન્દ્રભાઈ નાકેશ્રી, રમણભાઈ વિશ્રામ, પુરુષોત્તમભાઈ પ્રેમા અને મહેશભાઈ દવે વગેરે ભક્તોએ લાભ લીધો હતો. મૂર્તિઓની દિવ્યતા માટે પ્રત્યેક દેવ-દેવીઓના બીજ મંત્રો દ્વારા યજ્ઞ કરાવવામાં આવ્યો. યજ્ઞ ની પુર્ણાહુતી અને થાળ સાથે પાટોત્સવ પૂર્ણ થયો.

રાંદલ માતાજી ના ૧૦૮ લોટા

શ્રી વિશ્વકર્મા પુરાણ અનુસાર સૂર્ય દેવ ને બે પત્ની છે. એક છાયા અને બીજા સંજ્ઞા, આ સંજ્ઞા એ વિશ્વકર્મા ના પુત્રી હતા. જેમના લગ્ન મહર્ષિ કશ્યપ અને અદિતિ ના પુત્ર સૂર્યદેવ સાથે થયા. સંજ્ઞા અને સૂર્ય દેવ દ્વારા ત્રણ સંતાન થયા. વૈવશ્વત, યમ અને યમી. વૈવશ્વત એ મનું (રાજા) થયા. યમ ધર્મ ને જાણનારો હતો જેથી સૂર્યએ તેમને યમના સ્થાનપર રાખ્યો અને યમી કાલિન્દ દેશ માં નદી બની અને રહી. ત્રણ સંતાનો પછી સૂર્ય નો ઉગ્ર સ્વભાવ વધતોજ ગયો. જેથી સંજ્ઞા દેવી પોતાનાજ શરીર માંથી પોતાની એક છાયા ઉત્પન્ન કરી.

જેવીરીતે રામાયણ માં સીતા હરણ પહેલા સીતાજી એ પણ એક પોતાનું જુદું છાયા રૂપ ઉત્પન્ન કર્યું હતું - જે રૂપ મા સીતાજી રાવણ સાથે ગયા હતા.

એવીજ રીતે સંજ્ઞાદેવી પણ પોતાના છાયા રૂપ ને સૂર્ય ના ઘર મા રાખી અને પોતે ઘોળી ના રૂપ મા વન મા રહેવા લાગી. સમય જવાથી સૂર્યદેવ ને છાયા દ્વારા પણ ચાર પુત્ર થયા. સાવરની, શનિ, વિષ્ટિ અને તપતી નામની એક કન્યા થઈ. યમ અને શનિ ના ઝગડા થી ઘરમાં કંકાસ થયો અને છાયા પણ સંજ્ઞા અને પોતાના પુત્રો માં ભેદભાવ રાખતી જેથી યમરાજા છાયા ને મારવા તૈયાર થયા અને છાયા દ્વારા શ્રાપ મળ્યો કે તું પ્રેતો નો રાજા બનીજા. સાથે સાથે આ ઝગડો સૂર્યદેવ પાસે પોચ્વાથી ખબર પડીકે છાયા ભેદભાવ રાખે છે, માટે સૂર્યદેવ પોતે હકીકત જાણી અને સંજ્ઞા ને ઘોડો બની અને ગોતવા ગયા, જેથી ઘોળો રમ્યા - નૃત્ય કર્યું અને માતાજી (પોતાના પત્ની) ને રીજાવ્યા.

આજ સૂર્ય દેવની છાસઠ મી પેઢી માં શ્રી રામ નો જન્મ થયો. આજ બે સ્વરૂપો (છાયા અને સંજ્ઞા) ને ભગવતી રાંદલ નું રૂપ ગણવામાં આવે છે. જે હંમેશા સાથે હોવાથી બેકી સંખ્યામાં લોટા તેડવામાં આવે છે અને ઘોળો ખુંદી અને માતાજી ને ભક્તો દ્વારા રીજવવા નો પ્રયાસ પણ કરવામાં આવે છે.

શ્રી હિંદુ મંદિર દ્વારા પણ દર વર્ષે સમૂહ રાંદલ માતાજી નું સુંદર આયોજન કરવામાં આવે છે. આ વખતે પણ અદ્ભુત આયોજન થયું જેમાં ખુબજ ભક્તો નો સાથ મળ્યો સાથે પૂજન, પ્રસાદી, ગોરણી, જાગરણ અને ઉત્થાપન ની વિધિ નું અદ્વિતીય આયોજન જોવા મળ્યું હતું.

જય માતાજી.

શ્રાવણ માસ

શ્રાવણ માસ ભગવાન સદાશિવની ઉપાસના માટે નું પવિત્ર પર્વ છે. શિવ પુરાણ માં શિવજી અને શ્રાવણ માસ નો મહિમા કહ્યો છે. ગયા વર્ષ ના અંક માં આપણે શિવ દરબાર અને શિવ પરીવાર નું મહત્વ કહ્યું હતું. આ વર્ષે શિવ પુરાણ અને શિવ સ્વરૂપ નો મહીમાં નો અનુભવ કરીએ.

શિવ પુરાણ માં ભગવાન વેદવ્યાસે ચોવીસ હજાર શ્લોકો લખ્યા છે. તેમાં સાત સંહિતાઓ છે. પ્રથમ વિધ્યેશ્વર સંહિતા, બીજી રુદ્ર સંહિતા, ત્રીજી સતરુદ્રીય સંહિતા, ચોથી કોટીરુદ્ર સંહિતા, પાંચમી ઉમા સંહિતા, છઠ્ઠી કૈલાશ સંહિતા અને સાતમી વાયવીય સંહિતા છે. પાંચ જુદા ખંડ પણ છે. સતી ખંડ, સૃષ્ટી ખંડ, પાર્વતી ખંડ, યુદ્ધ ખંડ અને કુમાર ખંડ આમ અગિયાર પ્રકરણ છે.

શ્રાવણ માસ માં આ શ્લોક થી શિવ પુરાણ ને વંદન કરવા જોઈએ

વંદે શિવ પુરાણમ હિ, સર્વદાહમ પ્રશન્ન ધીયહ.
શિવહ પ્રશન્ન્તામ યાયાત, દ્ધ્યાત્સ્વપદયોરતિમ.

શિવ મહાપુરાણ માં કહ્યું છે કે ભગવાન શિવ અષ્ટ મૂર્તિ રૂપે સમસ્ત જગત માં રહેલા છે. આ અષ્ટ મૂર્તિઓ ના નામ છે,

નામ	અર્થ	મંત્ર
શર્વ	ભૂમી	ઓમ શર્વાય ક્ષીતીમુર્તયે નમઃ
ભવ	જલ	ઓમ ભવાય જલ મુર્તયે નમઃ
રુદ્ર	અગ્નિ	ઓમ રુદ્રાય અગ્નિ મુર્તયે નમઃ
ઉગ્ર	વાયુ	ઓમ ઉગ્રાય વાયુ મુર્તયે નમઃ
ભીમ	આકાશ	ઓમ ભીમાય આકાશ મુર્તયે નમઃ
પશુપતિ	ક્ષેત્રજ્ઞ	ઓમ પશુપતયે યજમાન મુર્તયે નમઃ
મહાદેવ	સૂર્ય	ઓમ મહાદેવાય સૂર્ય મુર્તયે નમઃ
ઇશાન	ચંદ્ર	ઓમ ઇશાનાય સોમ મુર્તયે નમઃ

In 2017, Shravan Mas starts from Monday, 24 July to Monday, 21 August

હવે ૧૨ જ્યોતિર્લીંગ થી જુદા આ આઠ શિવ લિંગ પૃથ્વી ઉપર બિરાજિત છે.

૧. શિવકાંચી નું શિવ લિંગ એ કામ્રેશ્વર નામે પ્રસિદ્ધ છે. ત્યાં પાણી થી અભિષેક કરવામાં આવતો નથી પણ ચમેલી ના ફૂલ ના તેલ થી સ્નાન કરાવવામાં આવે છે.

૨. જંબુકેશ્વર જલ તત્વ લિંગ માનેલું છે. મદ્રાસ ના ત્રીચીનાપલ્લી જીલ્લામાં શ્રી રંગમ ની પાસે આ મંદિર આવેલુ છે જ્યાં જાંબુવન મા જમબુ ઋષિ એ તપ કર્યું હતું.

૩. અગ્નિ મૂર્તિ મંદિર અરુણાચલ માં આવેલું છે જ્યાં ઘી ની મશાલ અને શિખર ઉપર મોટી માત્રા માં કર્પૂર પ્રગટાવવા માં આવે છે.

૪. કાળહસ્તી મંદિર મદ્રાસ માં સુવર્ણ મુખી નદી ના કિનારે છે. ત્યાં પુજારીઓ ને પણ શિવ લિંગ નો સ્પર્શ કરતા નથી. સુવર્ણ પટ્ટિકા નું પૂજન કરે છે.

૫. ચિદમ્બરમ આકાશ લિંગ કાવેરી નદી ના કિનારે છે, જે આકાશ જેવું લાગે છે. ત્યાં બીજા કોઈ પણ દર્શન થતા નથી જે નિરાકાર ભગવાન નો અનુભવ કરાવે છે.

૬. નેપાળ માં આવેલા પશુપતીનાથ ને યજમાન મૂર્તિ મહાદેવ કહેવામાં આવે છે. જ્યાં પાંચ મુખ વાળા ભગવાન શિવ બિરાજે છે જેને પંચવક્ત્ર કહેવાય છે.

૭. સૂર્ય પ્રત્યક્ષ દેવતા છે અને પ્રત્યેક મંદિર માં સૂર્ય બિરાજે છે, એટલે એમાં કોઈ ભેદ નથી.

૮. સોમનાથ, શિવ નું ઇશાન તત્વ છે જેમની સ્થાપના સાક્ષાત ચંદ્રે કરેલી છે.

આ મહિમા ને ધ્યાન થી વાંચવા અને સમજવા થી જેનાથી પૃથ્વી બની છે એવા પાંચ તત્વ પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ એ શિવ રૂપ છે એવું સમજાશે.

આવાજ સુંદર મહિમા સાથે અને ઉપર બતાવેલા વૈદિક મંત્રો દ્વારા શ્રી હિંદુ મંદિર માં આખા શ્રાવણ માસ દરમ્યાન પૂજા, અભિષેક અકવામાં આવ્યા. જેમાં મોટી સંખ્યા માં લોકો એ ભાગ લીધો હતો. શ્રાવણ માસ માં મંદિર સવારે ૬ વાગ્યા થી રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લું રાખવામાં આવ્યું હતું. આ દરમ્યાન દરેક ભક્તો અને યજમાનો નો સાથ મળ્યો એ માટે શ્રી હિંદુ મંદિર આપ સૌનો આભારી છે.

ૐ નમઃ શિવાય

હિંડોળા ઉત્સવ

ભગવાન ની કૃપા થી વૈષ્ણવ સંપ્રદાય ની પુષ્ટી સેવા ને અનુલક્ષીને શ્રી હિંદુ મંદિર દ્વારા વૈષ્ણવ ભક્તો માટે શ્રાવણ માસ દરમ્યાન હિંડોળા ઉત્સવ ઉજવવામાં આવ્યો. આ સેવા શ્રીનાથજી ની પુષ્ટી સેવા છે. આ હિંડોળા ઉત્સવ માં જીવન ના ગ્રહસ્થાશ્રમ માં વપરાતા દ્રવ્ય શુદ્ધિ માટે હોય છે.

જેમ કે શાકભાજી, ડ્રાય ફ્રુટ, લીલા ફળો, ધન, લક્ષ્મી, શુદ્ધ વસ્ત્ર અને સુગંધી ફૂલો દ્વારા હિંડોળા શણગારવામાં આવે છે. આ દરેક ચીજ ભગવાન ના શણગાર માં વાપરવાથી જીવનમાં અને ઘરમાં વપરાતી વસ્તુ શુદ્ધ બને છે. સાથે સાથે પ્રભુ શ્રીજીબાવા ની સેવા અને બાલકૃષ્ણ અભિષેક પૂજન કરવાથી ભક્તિ ની પ્રાપ્તિ થાય છે.

આમતો હિંડોળા મહોત્સવ વૈષ્ણવ સંપ્રદાય ની હવેલીમાં પુષ્ટી ધર્મ ના વર્ધન માટે કરવામાં આવે છે, પણ શ્રી હિંદુ મંદિર પણ પુરુષોત્તમ માસ અને શ્રાવણ માસ ધામધૂમ થી ઉજવે છે. જેમાં દરરોજ ભક્તો દ્વારા સવારે સાડા દસ (૧૦:૩૦) વાગ્યા થી બપોરે બાર વાગ્યા (૧૨:૦૦) સુધી જુદા જુદા દૈનિક યજમાનો ને અભિષેક અને પૂજન કરવાનો લાવો મળ્યો હતો.

Shiv Abhishek for Children

Shree Hindu Temple once again organised a special Shiv Abhishek for children only, supporting parents to bring their children to the Mandir and take part in this auspicious ceremonies.

Shiv Pujan was conducted by Temple's Pujaris - Jayeshbhai Bhatt, and Kiranbhai Padhya.

The ritual was performed very slowly with clear explanation and meaning of each step in English and in Gujarati.

This was the fourth year that Shiv Pujan was performed by children and it's clear to see that children learn more about Hinduism by taking part, than just reading.

Shree Hindu Temple continues to organise children focused events to ensure our children have a bright future and our culture is preserved.

Aum Namah Shivay

જન્માષ્ટમી

જન્માષ્ટમી એટલે પ્રભુ પ્રેમીના આનંદની પરાકાષ્ઠા. આ પર્વ પ્રત્યેક વર્ષે એક જ વાર આવે છે, પણ લોકોને કેટલો આનંદ આપે છે! વસુદેવ શુદ્ધ સત્વનું સ્વરૂપ છે, અને દેવકીજી નિષ્કામ બુદ્ધિનું સ્વરૂપ છે.

દેવકીનો ભાઇ કંસ બહેનને વિદાય આપવા રથ હાંકે છે. આ વખતે આકાશવાણી થાય છે. "હે કંસ, તારી બહેન દેવકીનો આઠમો ગર્ભ તને મારશે." આ સાંભળી કંસે ભયભીત બની દેવકી અને વાસુદેવને કારાગૃહમાં પૂરી દીધા હતા.

એક પછી એક એમ દેવકીના બાળકોનો કંસે વિનાશ કર્યો. શ્રી કૃષ્ણાવતાર એટલે દેવકીજીનો આઠમો પુત્ર.

શ્રાવણ વદ આઠમ, અભિજીત નક્ષત્ર, બુધવાર, ભગવાન શ્રી કૃષ્ણની જન્મ જયંતી. શ્રી કૃષ્ણે આજે અધર્મનો નાશ કરી ધર્મની સ્થાપના કરવા, પાપીઓનો સંહાર કરી, પુણ્યાત્માઓની રક્ષા કરવા, અસુરોનો ધ્વંસ કરી, ગાયો, બ્રાહ્મણો અને સંત-મહાત્માઓનું પાલન કરવા જન્મ ધારણ કર્યો હતો.

ભગવાનનો પ્રાદુર્ભાવ થતાની સાથે જ કારાગૃહમાં દિવ્ય પ્રકાશ રેલાયો. પ્રકાશમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલા ભગવાન વિષ્ણુને વસુદેવે જોયા. "મને ગોકુળમાં નંદબાબાને ત્યાં મૂકી આવો." આમ કહી તેમણે દેવકી અને વસુદેવને ને બીજા ૧૧ વર્ષ અને ૫૨ (બાવન) દિવસ પોતાનું ધ્યાન ધરવા કહ્યું.

"यदा यदा हि धर्मस्य..."

આ કોલ પાળવા શ્રી કૃષ્ણે દેવકીજીની કૂખે અવતાર લીધો. જન્મ કારાવાસમાં પરંતુ ઉછેર નંદરાજાને ઘેર માતા યશોદાજીની ગોદમાં!

સવાર થતાં જ નંદજી ના બહેન સુનંદાજી દ્વારા યશોદાજીને પુત્ર જન્મની વધાઈ સાંપડે છે. ગોકુળમાં આનંદ આનંદ છવાઈ ગયો. "નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી" નો નાદ ગુંજી ઉઠ્યો.

શ્રી કૃષ્ણ ભયાનક કાળમાં જન્મ્યાં હતા. તત્કાલીન સમાજમાં સત્તા અને સંપત્તિનું પાશવી નૃત્ય ચાલી રહ્યું હતું. રાક્ષસી પૂતના, રાક્ષસો શકટાસુર, તૃણાવર્ત, વત્સાસુર, બકાસુર, વ્યોમાસુર વગેરે ભગવાન શ્રી બાળ કૃષ્ણના અપૂર્વ બળ આગળ ટકી શકતા નથી.

વ્રજ ગોપીઓ પ્રત્યેના અલૌકિક પ્રેમનો અને રાસલીલાનો પ્રસંગ અદભુત છે. વ્રજના કણ કણમાં આ ઉત્સવ ઉજવાયો છે.

In 2017, Janmashtami on Tuesday, 15 August

આ પરમ પવિત્ર દિવસે રાત્રે જાગરણ અને કૃષ્ણ કીર્તન કરતાં-કરતાં જન્મ દિવસની ઉજવણી દરેક મંદિરોમાં કરવામાં આવે છે. અર્ચન-પૂજન, ભૂદેવો અને સંતોનું સન્માન, દાન-દક્ષિણા વગેરે સાથે વ્રત કરવાથી શ્રી કૃષ્ણની કૃપા પ્રાપ્ત થાય છે, અને સુખ-શાંતિ ભર્યું જીવન જીવી અંતે વૈકુંઠમાં વાસ મળે છે.

પૂર્વે યદુના વંશમાં શ્રી કૃષ્ણનો જન્મ થયેલો. શ્રી શુકદેવજી કહે છે: "***कृष्णस्तु भगवान स्वयं***" – શ્રી કૃષ્ણ પોતે જ ભગવાન છે. સાથે દેવાધિદેવ ભગવાન શિવ પણ જન્માષ્ટમી વ્રત ઉપવાસ કરવાથી પ્રસન્ન થાય છે. આ વ્રત સુખ, સમૃદ્ધિ, સંપત્તિ આપનારું છે. આ વ્રત સૌ પ્રથમ રાજા યુધિષ્ઠિરે કર્યું હતું. આ વ્રતના પ્રભાતે તેઓ પુનઃ રાજવૈભવ પ્રાપ્ત કરી શક્યા હતાં.

અને આપણા મંદિર માં પણ દર વર્ષની જેમ ચાલુ વર્ષે ખૂબજ આનંદ પૂર્વક જન્માષ્ટમી ની ઉજવણી થઇ.

દર વર્ષ ની જેમ આ વર્ષે પણ શ્રી મહેશ ભાઇ ત્રિવેદી અને એમના ધર્મ પત્ની ત્રિવેણીબેન મુખ્ય યજમાન હતા જે પ્રસાદીના મુખ્ય મનોરથી બન્યા હતા. ખુબજ આનંદ પૂર્વક મંદિરના આચાર્યો એ એમને મહાપૂજા કરાવી અને સર્વે ભક્તોને ભગવાન ના દર્શન કરાવ્યા.

રાકેશભાઈ ગોવિંદભાઈ રાવત અને એમના પરિવાર સાથે વાજતે ગાજતે વાદ નૃત્ય સાથે એમના સુપુત્ર મયાન ને બાલકૃષ્ણ સ્વરુપે પ્રગટ કર્યા હતા. ભક્તો નંદોત્સવ માં તરબોળ બન્યા. ભકતો ને પંજીરી અને માલપૂડાનો પ્રસાદ વિતરણ કરવા માં આવ્યો.

મંદિરના ભૂદેવ દિલીપભાઈ જોષીના સુપુત્રો રાધે અને શ્યામ દ્વારા મટકી ફોડ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. આમ ખુબજ આનંદોલ્લાસથી ૫,૨૪૧ મો જન્મોત્સવ ઉજવાયો હતો.

જય શ્રી કૃષ્ણ.

શ્રી ગણેશ ચતુર્થી

ભાદરવા સુદ ચોથ એટલે પાર્થિવ ગણેશ મહોત્સવ. જેવી રીતે પાર્થિવેશ્વર શિવલિંગ નું વ્રત કરવામાં આવે છે, તેવીજ રીતે પાર્થિવ ગણેશ મહોત્સવ ઉજવાય છે .પહેલા ના સમયમા ઘરે જાતે મૂર્તિ બનાવતા અને તે મૂર્તિની પૂજા કરી વિસર્જન કરતા. ખરેખર ભાદરવા સુદ ચોથ પછી જયારે મૂળ નક્ષત્ર આવે ત્યારે અથવા એક દિવસ, ત્રણ દિવસ, પાંચ દિવસ કે પછી ચૌદશે આ ગણેશ મૂર્તિને વિસર્જિત કરવા માં આવે છે.

બ્રીટીશ રાજ વ્યવસ્થા દરમિયાન પ્રજાજનો માં ફેલાયેલ ભય ને કારણે પ્રજા એકબીજા સાથે ભેગા થઈ ઉત્સવો ઉજવવા ડરતા હતા. એમને ઉત્સાહિત કરવા અને નિર્ભયતા લાવવા શ્રી લોકમાન્ય તિલકે પાર્થિવ ગણેશોત્સવ ને આનંદોત્સવ બનાવી સમૂહ પાર્થિવ ગણશોત્સવ નું આયોજન કર્યું. ત્યારથી આ ઉત્સવ ભક્તોના ઘરમાંથી બહાર સામાન્ય પ્રજાજનો માટે આયોજિત થયો. આજે આપણે જોઈએ છીએ કે આ પાર્થિવ ગણશોત્સવ સમગ્ર વિશ્વવમાં માં વસતો હિંદુ સમાજ ખૂબજ હર્ષોલ્લાસ થી ઉજવે છે.

ભગવાન શ્રી ગણેશ, બુદ્ધિ આપનાર દેવ છે. એમની ઉપાસના બાળક ને આઠ વર્ષે આપવા માં આવે છે. જ્યારે યજ્ઞોપવિત સંસ્કાર અપાય ત્યારે પિતા શ્રી બાળકને આશિર્વાદ આપે છે **ત્વં ગણપતિ ભક્તો સી**, જેનો અર્થ થાય કે તું ગણપતિ નો ભક્ત થા, જેથી મૂલાધાર ચક્ર માં રહેલા ભગવાન શ્રી ગણેશ તને જ્ઞાન આપે. એટલા માટેજ આપણા ઋષિ ઓએ હાથીના મુખ વાળા ગણેશની ઉપાસના બતાવી છે. હાથી કદીય ભૂલતો નથી, માટે ગણેશની ભક્તિ કરીએ **ગં ગણપતિ** ના જપ કરીએ. ધ્યાન જપ કરવાથી 'જો ધ્યાવે ફલ પાવે' એ સિદ્ધાંત અનુસાર યાદશક્તિ મળે, જે જ્ઞાન વધારે, જ્ઞાનથી પંચેન્દ્રીય નો સંયમ પ્રાપ્ત થાય, જેથી મન સંયમ માં આવે અને કામના ઓ સંતોષાય. જે માનવીય જીવનનો મુખ્ય હેતુ છે અને તોજ ઈષ્ટ દેવની કૃપા પ્રાપ્ત થાય. આ કારણે દરેક મંદિરો માં ગણેશ ભગવાન ની સ્થાપના જોવા મળે છે.

આમ આપણા હિંદુ મંદિરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી ગણશોત્સવ ઉજવાયો. પ્રથમ દિવસથી જ ભક્તો દ્વારા લાડુ ધરાવવાનો પ્રારંભ થયો. દસ દિવસ આરતી પૂજા કરવામાં આવી અને આનંદ ચૌદશ ને દિવસે ભક્તો ના સંગાથે ઈન્ગ્લેન્ડ ના લીવરપૂલ મુકામે વિસર્જન યાત્રા પ્રવાસ દ્વારા આ આનંદોત્સવ ની સમાપ્તિ થઈ.

In 2017 Ganesh Chaturthi is on Friday, 25 August

ધાર્મિક વ્રત

વ્રત શા માટે ? સ્ત્રીઓ જ કેમ ?

શ્રી હિંદુ ધર્મ માં દીકરીઓ, માતાઓ અને બહેનો માટે ઉમર અને સહનશીલતા પ્રમાણે વ્રત ની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વ્રત સર્વ સિદ્ધી પ્રદાયક છે. આ વ્રત ને ઉપાસના, અનુષ્ઠાન, સાધના વગેરે નામો થી ઓળખવામાં આવે છે. આ દરેક વ્રત પતિ અને પરિવાર ની કામના માટે કરવામાં આવે છે. લગ્ન વખતે પત્ની પતિ ને વચન આપે છે કે આપ વ્યવહારિક અને ધન ઉપાર્જન માટે શરીરનો ઉપયોગ કરશો અને હું ધર્મ, કુળ, શીલ અને મર્યાદા સાચવીશ. આ વચન નું પાલન કરવા બહેનો વ્રત કરે છે જેમાં પરિવાર ના સુખ ની કામના કરે છે.

વ્રત, વનસ્પતિ અને ઈશ્વર

ઈશ્વર દેવતા રૂપે પૃથ્વી પર વનસ્પતિ માં બિરાજે છે. વડ માં શિવ (વડ સાવિત્રી), કેવડા ત્રીજ (શિવ પુરાણમાં દર્શાવેલ કેવડા ના ફૂલ ની કથા), મોળાકત, જયા પાર્વતી વ્રત, જવેરામાં તુલસીજી, પીપળો, કેળ, બિલ્વપત્ર વગેરે માં ભગવાન નો વાસ છે અને આ વનસ્પતિઓ જીવન ના શ્વાસ અને ઓક્સીજન માટે અને રોગ નિવારક શક્તિ માટે પણ ખુબજ ઉપયોગી છે. દરેક વ્રત ની કથાઓ પુરાવા સાથે જુદા જુદા પુરણો માં જોવા મળે છે.

વ્રત અને તપ નું ફળ

વ્રત ના ફળ થી સતિ વૃંદાએ જલંદરનું રક્ષણ કર્યું. મંદોદરી દ્વારા રાવણ અને સીતા દ્વારા રામનો વિજય થયો. સતી અનસુયા દ્વારા સાક્ષાત ભગવાન નો પરાજય, દિતિ દ્વારા ભગવાન નું પ્રાગટ્ય, માતા ગાંધારી દ્વારા દુર્યોધન ને બળ ની પ્રાપ્તિ, વ્રત થી દેવી ઉમા એ શિવ ને પ્રાપ્ત કર્યા, વ્રત ના પ્રભાવ થી પાર્વતીનું યોગાગ્ની માં પ્રવેશ, વ્રત થી દ્રોપદી ને પાંચ પતિ નું વરદાન, સુશીલા દેવી ના વ્રત થી સુદામા ને ભગવાન મળ્યા, રાધા ને વ્રત થી કૃષ્ણ મળ્યા,વ્રત થી કુંતાજી ને પાંચ મંત્ર પુત્ર નું વરદાન પ્રાપ્ત થયું. આવા અનેક વ્રત, સાધના ના ફળ ની કથા પુરાણો માં કેવલ હિંદુ ધર્મ માંજ જોવા મળે છે. માટે શ્રી હિંદુ મંદિર દ્વારા વ્રત દરમ્યાન બહેનો ને ખુબ સુંદર વ્યવસ્થા આપવામાં આવે છે જેમાં ભાવ થી ભૂદેવો દ્વારા પૂજન પણ કરાવવામાં આવે છે.

Vrats in 2017:
Morakat Vrat is on Tuesday, 4 July
Jaya Parvati Vrat is on Thursday, 6 July
Divaso is on Sunday, 23 July
Kevada Trij is on Thursday, 24 August
Karwa Chauth is on Sunday, 8 October

પિતૃ પક્ષ સમૂહ શ્રી મદ ભાગવત કથા

ભાગવતજી નું મહત્વ અને ઉત્પત્તિ.

ભ એટલે ભક્તિ, ગ એટલે જ્ઞાન, વ એટલે વૈરાગ્ય અને ત એટલે તત્વ.

ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય નું ગૂઢ તત્વ જેમાં છુપાયેલું છે, તે છે ભાગવત. શ્રીમદ ભાગવતજી માં ૧૨ સ્કંધ (ભાગ) છે અને ૧૮ હજાર શ્લોક છે. જેમાં ભગવાન શ્રી કૃષ્ણ નો મહીમા અને જીવન જીવવાની શૈલી બતાવવામાં આવી છે. ભગવાન ને પ્રાપ્ત કરવા માટે સરળ રહસ્ય નું વર્ણન પણ કરેલું છે. ભગવાન શિવ અને માતા પાર્વતી દ્વારા ભાગવત ની ઉત્પત્તિ થઈ અને ભગવાન વિષ્ણુ અને બ્રમ્હાજી દ્વારા વ્યાસજી ને ચાર શ્લોકો મળ્યા જેમાંથી નારદજી અને શ્રી ગણેશજી ની મદદ થી વ્યાસજી એ ૧૮ હજાર શ્લોકો નો વિસ્તાર કર્યો. વ્યાસજી ના પુત્ર શુકદેવજી દ્વારા આ ભાગવત પરીક્ષિત ના માધ્યમ થી સમાજ ને મળ્યું. જે આજના કલિયુગ ના સમયમાં એક ભવ્ય ઔષધી ગણાય છે.

સપ્તાહ એટલે શું?

સપ્ત એટલે સાત અને આહ એટલે બોલવું. સાત દિવસ સુધી પ્રભુ નું નામ સતત લેવું એટલે સપ્તાહ. આમતો અહિયાં સાત દિવસ એટલે કેવલ અઠવાડિયા ના સાત દિવસ એવો અર્થ લેવાનો નથી, પણ સાત દિવસ એટલે કે જીવન ના હર એક દિવસ અને ક્ષણ ભગવાન નું ભજન કરવું એટલે સપ્તાહ.

પરીક્ષિત ને શ્રાપ હતો કે તેને સાત દિવસ માં સર્પ કરડશે એટલે કે મૃત્યુ રૂપી સર્પ અઠવાડિયા ના સાત દિવસ માંથી ગમે ત્યારે જીવ માત્ર ને કરડશે, પણ જો તમે જીવનનાં સાતે સાત દિવસ અને સતત પ્રભુ ભજન બોલતા રહેશો (એટલે કે સપ્તાહ) તો મૃત્યુ મોક્ષ માં પરિવર્તન થઈ જાશે. આ સંદેશ જીવ માત્ર ને આપવા માટે સપ્તાહ શબ્દ નો પ્રયોગ કર્યો છે.

સપ્તાહ પિતૃ માટે છે? કે.....

શ્રીમદ ભાગવત મહાપુરાણ, પદ્મ પુરાણ અને સ્કંદ પુરાણ પ્રમાણે જોઈએ તો ભાગવત કથા એ પિતૃ કૃપા, દેવ કૃપા, દ્રવ્ય કૃપા અને ઈષ્ટ કૃપા હોય ત્યારે જ થઈ શકે. અર્થાત પિતૃ ની કૃપા ત્યારેજ શક્ય બને જો તેઓ દેવલોક પ્રાપ્ત થયા હોય અને તેઓએ આશીર્વાદ આપવા લાયક સ્થાન પ્રાપ્ત કર્યું હોય. હવે જો આશીર્વાદ આપવા ને લાયક સ્થાન મળી ગયું હોય તો એનો અર્થ એ પણ થયો કે તેઓ મોક્ષ પ્રાપ્ત કરી પામ્યા છે

અથવા તો એ દેવ તત્વ ને પ્રાપ્ત કરી ચુક્યા છે. તો પછી સપ્તાહ કરવાનો અને એ પણ પિતૃ મુક્તિ માટે સપ્તાહ કરવી તે સવાલ ઉત્પન્ન થતોજ નથી. આ તર્ક એમ સૂચવે છે કે પિતૃ મોક્ષ માટે સપ્તાહ ની માન્યતા અથવા તો એ શબ્દ પ્રયોગ ખોટો છે.

પદ્મ પુરાણ પુરાવો આપે છે કે શ્રીમદ ભાગવત કથા એ પિતૃ માટે નહિ પણ પ્રેત માટે છે. એવા સ્વજનો, સગા સંબંધીઓ કે જેમનું અપમૃત્યુ થયું છે. આત્મહત્યા, અકાળ મૃત્યુ વગેરે જુદા જુદા અકાળ મૃત્યુ ના બાવીસ પ્રકાર બતાવ્યા છે. જો એમાંથી કોઈનું મૃત્યુ થયું હોય તો એ જીવ સદગતી પ્રાપ્ત કરી શકતો નથી જેને પ્રેત યોની મળે છે, અને એવા જીવ માટે કેવલ 'ભાગવતમ એકમ શાસ્ત્રમ મુક્તિ દાનેન ગર્જતી'. કારણ કે ધુન્ધીકારી કહે છે કે 'ગયા શ્રાદ્ધ સતેનાપી મુક્તીર્મેના ભવિષ્યતિ' ધુન્ધીકારી એટલે કહે છે કે એ પ્રેત છે. માટે પ્રેત યોની માંથી મુક્તિ મેળવવા અને જીવતાજ સંસાર માંથી આશક્તિ છોડવા માટે ભાગવત કથા છે.

શ્રી હિંદુ મંદિર માં કથા

પ્રભુ કૃપા થી આજે વર્ષો થી પ્રેત-મોક્ષ સમૂહ શ્રીમદ ભાગવત કથા નું આયોજન કરવામાં આવે છે. દરવર્ષ ની જેમ આ વખતે પણ આ સપ્તાહનું દિવ્ય આયોજન થયું. આઠ દિવસ ની આ કથામાં શ્રી કૃષ્ણ જન્મ, ગોવર્ધન પૂજા, રૂક્ષ્મણી વિવાહ, યમુના મહારાણી મનોરથ અને અંતમાં યજ્ઞ નું આયોજન થયું. દરરોજ યજમાનો દ્વારા ભગવાન ની પૂજા અને સમૂહ પિતૃ તર્પણ કરવામાં આવતું. પૂજા દરમ્યાન મંદિર ના ભૂદેવો શ્રી જયેશભાઈ, કિરણભાઈ અને નટુભાઈ એ ભક્તોને સુંદર માર્ગદર્શન આપ્યું હતું. મંદિરના દરેક સ્વયંસેવક ભાઈ બહેનો દ્વારા ખુબજ સરસ સેવા અને વ્યવસ્થા કરવામાં આવી હતી.

બંસરી તે પ્રેમનું પ્રતિક (સોના ની વાંસળી અને વાંસની વાંસળી નું સુંદર મિલન)

શ્રી કૃષ્ણ પ્રેમ નો સંદેશ આપે છે. એટલે ભગવાન જેટલા વાંસળી સાથે શોભે છે એવા શસ્ત્ર સાથે શોભતા નથી. બંસરી તેપ્રેમ નું પ્રતિક છે. જીવ અને નિર્જીવ, પ્રકૃતિ અને વિકૃતિ, પ્રાણી અને પ્રાણ, બુધ અને અબુધ જીવ બધુજ બંસરી ને આધીન છે. સાંભળતા ની સાથેજ દેહ નું પણ ભાન ભુલી જવાય છે. આ શુદ્ધ પ્રેમ છે. ભગવાન જગત ને પ્રેમ અને વિવેક થી જીતવાનો સંદેશ આપે છે, અને એમાં પણ ધાતુઓ માં બધા થી શુદ્ધ ધાતુ સુવર્ણ છે.

વાંસ શુદ્ધ તત્વ છે અને એનાથી બનેલી વાંસળી બીજા બધાજ સંગીત સાધનો કરતા સંપૂર્ણ શુદ્ધ છે કારણ કે વાંસળી ને બનાવવા માટે બીજા કોઈ પણ ધાતુ નો કે વસ્તુ નો પ્રયોગ કરવામાં આવતો નથી. ભગવાન એવું સૂચવે છે કે જીવન માં બીજી બધી વેશભૂષા કરવા કરતાં જેવા છો તેવાજ વાગશો તો પ્રભુ એના હોઠ થી વ્હાલ કરશે અથવા બોલાવશે. બસ એક શુદ્ધ શ્વાસ રૂપી પ્રાણ ભર્યા રાખો તો નાદ થશે અને આ નાદજ બ્રમ્હ છે. કહેવા નો અર્થ એ છે કે વાંસળી દ્વારા બ્રમ્હ નો નાદ સહજ ભાવથીજ સિદ્ધ થાય છે. એટલે ભગવાન નિર્દોષ અને શુદ્ધ પ્રેમ વાળા અથવા તો પ્રેમ ના ભૂખ્યા ભક્તો માટે વાંસળી વગાડે છે. તેઓ રાધા ને પણ પ્રેમના પ્રતિક (નિશાની) રૂપે વાંસળી આપે છે.

શ્રી હિંદુ મંદિરમાં ભક્તોના સહયોગ થી આ કથા ના શુભ પ્રસંગે શ્રી કૃષ્ણને સુવર્ણ વાંસળી ધામધૂમ થી અર્પણ કરવામાં આવી હતી. જેમાં મહેન્દ્રભાઈ ઝીણાભાઈ ગાંધી, વનીતાબેન અને ચંચળબેન ચોહાણ, ડો. રિદ્ધી પરમાર, ડો. સંજય પરમાર, હીરાભાઈ રવજીભાઈ પટેલ, દક્ષાબેન આડતિયા અને સંજયભાઈ પાનખાણીયા તેમજ અન્ય ભક્તો દ્વારા મહત્વ નું યોગદાન મળ્યું હતું. શ્રી હિંદુ મંદિર આ દરેક યજમાનો નું હૃદય પૂર્વક આભાર પ્રગટ એકરે છે, અને સદૈવ આવો સહકાર મળતો રહે તે અપેક્ષા વ્યક્ત કરે છે.

અભિમાન નો નાશ કરે તે ગદા

હનુ એટલે હણવું અને માન એટલે અભિમાન. અભિમાન નો નાશ કરે તે હનુમાન. શ્રી કૃષ્ણ પ્રેમ શીખવે છે અને પ્રેમ કરે છે માટે પ્રેમ નું પ્રતિક વાંસળી છે. હનુમાન અભિમાની અને અભિમાન નો નાશ કરે છે માટે નાશ કરવા માટે ગદા આયુધ રૂપે રાખે છે.

હીંસા થી જેનું દિલ દુભાય તે હિંદુ અને હિંદુઓ નું મંદિર હંમેશા પ્રેમ નો સંદેશ આપે છે પણ સાથે અભિમાન નો નાશ પણ કરે છે આ કારણસર ભગવાન શ્રી કૃષ્ણ ને સોના ની વાંસળી અર્પણ કરી અને હનુમાનજી ને ચાંદીની ગદા અર્પણ કરી છે. ગદા તે ભીમ, હનુમાન, બલરામ, નારાયણ અને માતાજનું પ્રિય આયુધ છે.

નવરાત્રી

નવરાત્રી શ્રી ભગવતી નવદુર્ગા ની સાધના ના દિવસો અને ઉપાસના નું પર્વ છે.

નવરાત્રી - શિવરાત્રી

નવરાત્રી અને શિવ રાત્રી આ બંને રાત્રી ના અનુષ્ઠાન, પુરસ્ચરણ, સાધના અને ઉપાસના ના પર્વ ગણવામાં આવ્યા છે. ભવ (એટલે કે શિવ) અને ભવાની ના સાધના ના દિવસો એટલે શિવરાત્રી અને નવરાત્રી. શિવ-પાર્વતી એ જગત ના માતા પિતા કહેવામાં આવ્યા છે.

સાધના ના પ્રકાર

નવરાત્રી ના નવ દિવસો માં માતા જગદંબા ના જુદા જુદા રૂપો ની સાધના કરવામાં આવે છે. સાત્વિક, રાજસી અને તામસી સાધના હોય છે. ભક્તો ના પણ ત્રણ પ્રકાર છે. જુદી જુદી કામના માટે ના જુદા પ્રયોગ અને તેમાં ઉપયોગ થતી વસ્તુ ના પ્રકાર પણ અલગ હોય છે. બધા કરતા સાત્વિક સાધના ઉત્તમ હોય છે. જગત માં માતાજી અને દરેક દેવો ના બીજ મંત્ર નું ખૂબજ મહત્વ છે.

બીજ મંત્ર

ૐ ઐં હ્રીં ક્લીં ચામુંડાયૈ વીચ્ચૈ નમઃ

જગદંબા શ્રેષ્ઠ બીજ મંત્ર છે. ઐમ એ મહાકાલી નો બીજ મંત્ર છે. જે શારીરિક વિટંબણાઓ નો નાશ કરનારી છે. હ્રીં એ મહાલક્ષ્મી નો સૂચક મંત્ર છે. જે શુદ્ધ, સાત્વિક લક્ષ્મી પ્રદાયક (આપનારી) દેવી છે. ક્લીમ એ મહા-સરસ્વતી નો મૂળાક્ષર મંત્ર છે. જે નિર્મલ, બુદ્ધી અને શુદ્ધ જ્ઞાન આપનારી છે.

આમ જેવી રીતે જગત ના ત્રણ મહાન દેવો છે. બ્રમ્હા, વિષ્ણું અને મહેશ (શિવ) તેવીજ રીતે તે ત્રણે દેવો ના પત્ની રૂપે સુશોભિત ત્રણ દેવીઓ છે. જેમના એક સાથે જપ સાધના માં મદદ રૂપ થતો આ બીજ મંત્ર અત્યંત શુભ અને શીઘ્ર ફળ દાયક છે. આ ત્રણ બીજ શક્તિ દ્વારા બ્રમ્હા આદી ત્રણેય દેવો ને જગત ના પાલન, પોષણ અને સંહાર ની શક્તિ પ્રાપ્ત થાય છે.

In 2017, Navratri starts on Wednesday, 20 September

શ્રી હિંદુ મંદિર ની નવરાત્રી ૨૦૧૬

શ્રી હિંદુ મંદિર ની નવરાત્રી

ભક્તોને હર વર્ષ ની જેમ આ વર્ષે પણ નવરાત્રી નો પૂરેપૂરો આનંદ મળે તે ધ્યેય ને ધ્યાન આપી શ્રી હિંદુ મંદિરે ભારત થી પ્રભાબેન રબારી, રસિકરાજ બારોટ, ગોપાલભાઈ, ગોવિંદભાઈ, અશ્વિનભાઈ બારોટ, તેજાભાઈ ભરવાડ, મુક્તિ-રામભાઈ અને નીલેશભાઈ જેવા કલાકારો ને બોલાવ્યાં હતાં.

આ કલાકારોએ નવ દિવસ સુધી ભક્તો ને બે તાળી અને ત્રણ તાળી ગરબા, રાસ, ડાખલા અને સનેડો રમાડી મોજ કરાવી હતી જેની ચર્ચા ઇસ્ટ મીડલેન્ડસમાં થઈ રહી હતી, નવરાત્રી અને શરદ પૂનમની ટીકીટો લેવા ભક્તો હરરોજ મંદિરની ઓફીસ બહાર લાઈન સર ઉભા રેહતાં.

આ વર્ષે નવે નવ દિવસની આરતી ના યજમાન ભીમાભાઇ ગોઢાંણીયા અને પરિવાર બન્યા હતાં. આ વર્ષની નવરાત્રીની ઝાંખી તમને શ્રી હિંદુ મંદિર ના ફેસબૂક પેજ પર જોવા મળશે.

ધ્વજા રોહણ

ભગવતી ભવાની ની ધ્વજા ની ઉછવણી માં આ વર્ષે સૌથી વધારેનો ફાળો મળ્યો હતો. દુર્ગાષ્ટમી ના દિવસે ધ્વજા પૂજન રાખવામાં આવ્યું હતું અને દસેરા ના દિવસે સવારે ધામ ધૂમ થી ધ્વજા રોહણ કરવામાં આવ્યું હતું. ધ્વજા રોહણ ના યજમાન આવડાભાઈ કારાવદરા અને વિજય ભાઈ ખુંટી પરિવાર નો ખૂબ ખૂબ આભાર.

જય માતાજી

શ્રી દુર્ગાષ્ટમી યજ્ઞ

નવ દિવસ ની નવરાત્રીમાં દુર્ગાષ્ટમીનું ખૂબજ મહત્વ છે. મા દુર્ગા દ્વારા મહિસાસુર, રક્તબીજ, શુમ્ભ, નીશુમ્ભ, વગેરે ભયંકર દૈત્ય નો નાશ કરવામાં આવ્યો હતો. અષ્ટભુજા માતાજી ના પૂર્ણ રૂપના દર્શન ભક્તોને નવરાત્રી ની આઠમ ના દિવસે થયા હતાં. માટે દુર્ગાષ્ટમી એ માતાજી નો પ્રાગટ્ય દિવસ ગણવામાં આવે છે અને આજ દિવસે ભક્તો દ્વારા હવન અને યજ્ઞ કરી માતાજી ને રીજવવામાં આવે છે. આ યજ્ઞ માં ચંડીપાઠ ના હોમ નું મહત્વ છે, જેમાં ભગવતી ના મહિમા નું વર્ણન છે.

આ ચંડીપાઠ ની ઉત્પત્તિ માર્કન્ડેય પુરાણ માં છે. માતાજી ના યજ્ઞ ના જુદા જુદા પ્રકાર છે. જેમાં દેવી યાગ, ચાંદી યાગ, નવચંડી, સતચંડી, સહસ્ત્ર ચંડી, લક્ષ ચંડી, કોટી ચંડી વગેરે યજ્ઞ ના રૂપ છે. આ બધા યજ્ઞ માં બ્રામ્હણો ની સંખ્યામાં મંત્ર ની આહુતિ ની પૂર્ણ ગણતરી મહત્વ ની છે.

આપણા મંદિરમાં દર વર્ષ ની જેમ દેવી યાગ કરી અને ખીર-પૂરી ના નીવેદ અને ગોરણી જમાડવામાં આવી હતી. માતાજી સ્વરૂપ ગોરણી જમાડી અને શૃંગાર ભેટ આપવામાં આવી હતી. નવ દિવસો ખૂબજ શાંતિ પૂર્વક ભક્તિભાવ થી વ્યતીત થયા હતાં. માતાજી બધાની મનોકામના પરિપૂર્ણ કરે એ ભાવ સાથે દરેક ભક્તો ને
જય માતાજી.

સાકાર શિવ દર્શન

શ્રી હિંદુ મંદિર માં પ્રતિષ્ઠિત શિવલિંગ જે રામેશ્વર મહાદેવ ના નામ થી પૂજિત છે, આ શિવલિંગ ઉપર ભક્તો દ્વારા દૂધ સાથે ઘણા બીજા પદાર્થો ચડાવવા માં આવે છે. ભૂદેવો એ વારંવાર ભક્તો ને અનુરોધ પણ કર્યો છે કે આવું કરવા થી મુખ્ય શિવલિંગ મા ઘસારો અને જીર્ણતા આવે છે, છત્તા પણ આ પ્રથા ચાલુજ રહી છે માટે શિવલિંગ નું ભવિષ્ય ધ્યાન માં રાખી અને એક સુંદર, દિવ્ય અને રમણીય શિવ મુખાકૃતિ વાળું આવરણ (કવર) શિવલિંગ ઉપર ઓઢાડવામાં આવ્યું છે.

ભગવાન ની કૃપા થી મંદિર દ્વારા જાહેરાત થતાજ યજમાન રમણભાઈ નરશીદાસભાઈ વિશ્રામ, અનુસુયાબેન રમણભાઈ વિશ્રામ, મેહુલભાઈ રમણભાઈ વિશ્રામ અને પારૂલબેન રમણભાઈ વિશ્રામ (શ્રી રામ જવેલર્સ, મેલ્ટન રોડ લેસ્ટર) દ્વારા શિવ દર્શન કરાવતું એક અદભુત ચાંદી ના ઘાટ વાળું કવર અર્પણ કરવામાં આવ્યું, જેમાં આસરે અગ્યાર કિલો ચાંદી થી આ પ્રતિમા ને એક સુંદર આકાર આપવામાં આવ્યો.

પૂજન અને પ્રતિષ્ઠા સાથે શ્રાવણ માસ એકમ અને બુધવારે તા.૨૦-૦૭-૨૦૧૬ ના સવારે અગ્યાર વાગ્યે શ્રી હિંદુમંદિરમાં પૂજન સાથે આ દિવ્ય કવરનું અર્પણ કરવામાં આવ્યું. શ્રી હિંદુ મંદિર આ પરિવાર નો હૃદય પૂર્વક આભાર પ્રગટ કરે છે અને સદૈવ આપના સહયોગ ની અપેક્ષા રાખે છે.

હર હર મહાદેવ

Some of the Major Events at Shree Hindu Temple 2015 - 2016

Shree Ram Dhoon

24 hours non stop dhoon of Shree Ram Jay Ram Jay Jay Ram

Organised by: Shree Ram Dhoon Mandal Leicester

Niranjan Pandya

Sant Vani & Lok Dairo

Organised and hosted by:
Shree Hindu Temple and Community Centre

Kirtidan Gadhvi

Lok Dairo
The only show in the UK and first in Leicester

Organised and hosted by:
Shree Hindu Temple and Community Centre

Devotional Bhajans

Evening of devotional bhajans and prayers to remember our loved ones.

Organised by:
Oxford Centre for Hindu Studies

Bhajan Night

Shree Hindu Temple hosted the all night Bhajans, sang by different groups from around the country.

Organised by:
Mineshbhai Patel and group

nk Hindu Studies,
hink OCHS

ડાયરો

કાઠીયાવાડી ડાયરા ની રમઝટ (કીર્તીદાન ગઢવી અને યોગેશપુરી ગોસ્વામી)

શ્રી હિંદુ મંદિર દ્વારા ભારત અને વિશ્વ વિખ્યાત ખ્યાતી પ્રાપ્ત કરેલ કલાકાર કીર્તીદાન ગઢવી ના અદ્દ્ભુત ડાયરા નું આયોજન થયું. આ પ્રોગ્રામ નું આયોજન ફક્ત દોઢ દિવસ માજ થયું અને શ્રી હિંદુમંદિર ના યુવાવર્ગ દ્વારા અને સોશિયલ મીડિયા ના ઉપયોગ થી એક ભવ્ય જુંબેશ જાહેરાત થઈ અને વધીને ૧૦ કલાકમાં જ બધીજ ટીકીટ વહેચાઈ ગઈ હતી. ખુબજ મોટી સંખ્યામાં માનવ મહેરામણ હિંદુ મંદિર માં જોવા મળ્યો હતો. કીર્તીદાન ગઢવી નો યુ.કે. માં ખાનગી સંસ્થા દ્વારા આ પહેલો પ્રોગ્રામ હતો, જે એક સુનહેરો ઈતિહાસ બની ગયો.

માં મોગલ અને ભગવાન શિવ ના અધ્યાત્મિક ભજન, રાસ, ગઝલ, અને દુહા-છંદ ની રમઝટ ઉભરી હતી. જેથી મંદિર મા એક ઉત્સાહ નું મોજું ફરી વળ્યું હતું. આ ડાયરો, શ્રી હિંદુ મંદિરના યુવા કાર્યકર દ્વારા સફળ બન્યો હતો જેમાં મયુરભાઈ, રાજીવભાઈ, ખેમરાજભાઈ, સુનીલભાઈ અને પ્રતાપભાઈ ખુંટી પરિવાર દ્વારા મહત્વ નો ભાગ ભજવવામાં આવ્યો હતો.

રાસ, ગરબા, લોકગીત, ભજન ની મોજ (ગોવિંદ, ગોપાલ અને ગ્રુપ)

ભારત થી પધારેલ તેજાભાઈ ભરવાડ, પ્રભાબેન રબારી, ગોવિંદદાસ, ગોપાલરામ અને રસિકરાજ બારોટ ના સ્વર માં સુંદર પ્રોગ્રામ નું આયોજન થયું. મણીરાજ બારોટ નો સનેડો તેમનાજ નાના ભાઈ રસિકરાજ બારોટ ના સ્વર માં સરસ રીતે લોકોમાં છવાઈ ગયો હતો. શ્રી રવી રાંદલ માતાજી ના સમૂહ લોટા ના જાગરણ નિમિત્તે આ પ્રોગ્રામ નું આયોજન થયું હતું.

સંતવાણી (જયશ્રી દાસ માતાજી)

ગુજરાત ના જામનગર પાસે આવેલા મોટા ખારચિયા હાઇવે પર જેમનો સત કેવલ આશ્રમ છે. તેમના સંસ્થાપક કુલપતિ સાધ્વી શ્રી જયશ્રી દાસ માતાજી દ્વારા પાનબાઈ, મીરાબાઈ, સતાર, જેસલ, તોરલ તેમજ જુના દાસ કબીર વગેરે સંતો ના અર્વાચીન અને પ્રાચીન મર્મજ્ઞ ભજન દ્વારા સંતવાણી પ્રોગ્રામ પ્રસ્તુત થયો હતો. જેમાં ભક્તો એ ઉદાર હાથે આશ્રમ ના લાભાર્થે દાન આપ્યું. આશ્રમ માં ચાલતી સેવાકીય પ્રવૃત્તિ માટે શ્રી હિંદુ મંદિર દ્વારા પણ ૫૦૧ પાઉન્ડ નું દાન આપવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામ પિતૃ પક્ષ ની સમૂહ શ્રીમદ ભાગવત કથા ની પુર્ણાહુતી નિમિત્તે યોજવામાં આવ્યો હતો.

જગ્રાતા (ભજન કાર્યક્રમ) નરેશ શર્મા.

સમૂહ શ્રી રાંદલ માતાજી લોટા મહોત્સવ નિમિત્તે દક્ષીણ ભારત માં જગ્રાતા નામથી જાણીતા માતાજી ના ભજનના પ્રોગ્રામ નું આયોજન થયું. જેમાં નરેશ શર્મા અને ગ્રુપ નો લાભ ભક્તો ને મળ્યો હતો.

શ્રી રામ ધુન

કલોઉં કેવલ નામાંધારા કલિયુગ માં કેવલ પ્રભુ ના નામનો જ આધાર છે. કબીર પણ કહે છે કે કર સાહેબ કી બંદગી ઓર ભૂખે કો અન્ન દે.

ભજન મા પણ કહે છે કે નામ હિ તુજકો નરક સે બચાવે... ભાગવતજી પણ આખે છે કે કલોઉં કેશવ કીર્તનાત - કેવાનો ભાવ એ છે કે નામ એજ જીવન ની સાચી પુંજી છે. માટે શ્રી હિંદુ મંદિર માં ચાર વખત અખંડ રામધુન નું આયોજન થયું જેમાં બે વખત બાર બાર કલાક એક વખત ચોવીસ કલાક અને એક વખત તો છત્રીસ કલાક સુધી ની અખંડ રામધુન નું આયોજન થયું.

આ પ્રસંગે ઇંગ્લેન્ડ ની દરેક રામધુન મંડળી અને રામ ભક્ત ઉપસ્થિત રહ્યા હતા. આ મંદિર ના પણ ઈતિહાસ મા સર્વ પ્રથમ વાર આવું આયોજન કરવામાં આવ્યું હતું. એક વખત ચોવીસ કલાક ના અખંડ ભજન નું પણ અતિ સુંદર આયોજન થયું જેમાં દરેક ભજનીકો અન્વ ભજન મંડળી ઓ નો સમૂહ જોવા મળ્યો હતો.

૧૫ ઓગસ્ટ પ્રજા સત્તાક દિવસ

ભારત ની ગરિમા અને સંસ્કાર એ દરેક દેશ અને વિદેશી ભારતી ઓ ના હૃદય માં વસેલી છે. અર્વાચીન ભારત ની સંસ્કૃતિ, હળપીય સંસ્કૃતિ, શિલા-લેખો, આઝાદી ની ચળવળ, રાની લક્ષ્મીબાઈ, લાલ લજપતરાય, લોકમાન્ય તિલક, જેવા અનેક વીરો ના બલિદાન નો દેશ એટલે આપણો ભારત દેશ છે.

આપણા દેશના વીર મંગલ પાંડે થી કરી ભગત સિંહ અને ગાંધીજી ને શ્રદ્ધાંજલિ અને સલામી આપવાના શુભ દિવસ નિમિત્તે યોજાયેલ ધ્વજ વંદન કાર્યક્રમ ખુબ ધામધૂમ થી ઉજવાયો, જેમા ઇન્ડિયન ડેપ્યુટી હાઈ-કમીશનર પણ ઉપસ્થિત રહ્યા હતા.

સંતો અને મહેમાનો

શ્રી ધર્માનંદજી મહારાજ જગન્નાથપુરી થી પધાર્યા હતા. જેમણે ભક્તો ને દિવ્ય જ્ઞાન નો લાભ આપ્યો હતો.

શ્રી જ્ઞાનાનંદજી મહારાજ ભારતીય અખાડા ના મહામંડલેશ્વર દ્વારા શ્રીમદ ભગવત ગીતા ઉપર આધ્યાત્મિક જ્ઞાન સત્સંગ નું પાંચ દિવસ નું સુંદર આયોજન થયું હતું, જેમાં ભક્તો ને જ્ઞાન રસ નો આનંદ મળ્યો હતો.

વિશ્વ વિખ્યાત શિવપુરાણ કથાકાર **સંત શ્રી ગીરીબાપું** દ્વારા શ્રી હિંદુ મંદિર ની મુલાકાત માં ભક્તો ને શિવ અભિષેક નું મહત્વ અને શિષ્ટાચાર નો સંદેશ આપવામાં આવ્યો હતો.

ભારત ના પ્રખ્યાત સંતવાણી ના સરતાજ **નિરંજન ભાઈ પંડ્યા** દ્વારા શ્રી હિંદુ મંદિર માં અલૌકિક ભજન સંધ્યા નું આયોજન થયું. સંતવાણી ની મોજ માણવા ભજન રસિકો કોવેન્ટ્રી, બર્મિન્ગમ, લંડન, પીટરબ્રો વગેરે જુદા જુદા શહેરો માંથી આવ્યા હતા. જેથી માનવ મહેરામણ નો મેળો ઉમટ્યો હતો.

શ્રી પરમાત્માનંદજી દ્વારા ગીતા ઉપદેશ અને યોગ નો બોધ આપવામાં આવ્યો હતો.

શ્રી સંજીવ કૃષ્ણ ઠાકોરજી ની શ્રી કૃષ્ણ સત્સંગ અમૃતવાણી નો બે દિવસ સુધી લાભ મળ્યો. જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા અને સાથે સાથે શ્રી કૃષ્ણ જન્મ મહોત્સવ ધામ ધૂમ થી ઉજવ્યો હતો.

મંદિરમાં સ્કુલ અને બસ પ્રવાસ

શ્રી હિંદુ મંદિર માં દરવર્ષે મોટી સંખ્યામાં જુદા જુદા શહેરો માંથી સ્કુલ ના વિવિધ ધર્મો ના વિદ્યાર્થી ઓ આવતા હોય છે. જેઓ હિંદુ ધર્મ વિશે વધુ રસ ધરાવે છે અને જાણવાનો પ્રયાસ પણ કરતા હોય છે.

મંદિર ના ભૂદેવો દ્વારા તેમને દરેક પ્રશ્નના જવાબ અને ધર્મ વિશે નું જ્ઞાન તેમજ સંસ્થામાં થતી પ્રવૃત્તિઓ નો પણ ખયાલ આપવામાં આવે છે. મંદિર તરફ થી અલ્પાહાર ની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. જેમાં આ વખતે ૨,૮૦૦ થી ૩,૦૦૦ જેટલા શાળામાં ભણતા નાના મોટા વિદ્યાર્થી ઓ એ ભાગ લીધો હતો. જેમાં આર્મ ફોર્સ સ્કુલ ના ડીફેન્સ મીનીસ્ટર પણ આવ્યા હતા.

સેંટ ફિલિપ ચર્ચ ના મલ્ટી ફેઈથ ગ્રુપ ના મહેમાનો પણ આવ્યા હતા. હેરો લંડન થી નીકળતી પ્રવાસી બસ દ્વારા હિંદુ ધર્મના વડીલો એ પણ મંદિર ની મુલાકાત લીધી હતી, જે નોધનીય છે.

Visitors and Guests

Maharaj welcoming coach trip visitors

Shree Hindu Temple is for everyone. All guests, visitors and devotees are warmly welcomed and blessed.

Giribapu from India visits the Temple

World famous Gujarati singer Kirtidan Gadhvi prays to Lord Shiv.



Visit by Armed Forces and Multi faith representatives

Core Beliefs of Hinduism

Shastras, Atma, Karma, Murti-Puja, Guru-Shishya, Ahimsa

Hinduism, also known as the Sanatan Dharm, or "Eternal Way," is our planet's original and oldest living religion, with over one billion adherents. Today it has four main denominations: Saivism, Shaktism, Vaishnavism and Smartism, each with hundreds of lineages. They represent a broad range of beliefs, practices and mystic goals, but virtually all concur on certain bedrock concepts.

All Hindus worship one Supreme Reality, though they call it by many names. There is no eternal hell, no damnation, in Hinduism, and no intrinsic evil-no satanic force that opposes the will of God. Hindus believe that the cosmos was created out of God and is permeated by Him-a Supreme Being who both is form and pervades form, who creates, sustains and destroys the universe only to recreate it again in unending cycles. Each soul is free to find his own way, whether by devotion, austerity, meditation, yoga or selfless service.

Hinduism's three pillars are temple worship, scripture and the guru-disciple tradition.

Hinduism strongly declares the validity of the three worlds of existence-physical, astral and spiritual-and the myriad Gods and devas residing within the inner worlds. Festivals, pilgrimage, chanting of holy hymns and home worship

One Supreme God

Hinduism has often been misunderstood and misinterpreted as a religion of many 'Gods'. But Hindus believe in one supreme Bhagwan (God). The Rig Veda (1.164.45) clearly states Ekam sat vipraha bahudha vadanti – 'To what One, sages give many names'. He is sat-chit-anand (eternal, consciousness and blissful). He is supreme, all-powerful, the all-doer and all-pervading.

The Vedas

The Vedas are the ancient sacred texts of the Hindus that were revealed by God to the enlightened rishis of India. All the Hindus texts derive their source and authority from the Vedas.

Atma

The nearest translation of atma is 'self' or 'soul'. The ancient rishis of India turned their thoughts inward to discover their inner self. The atma is eternal, infinitely blissful, luminous and pure; beyond sorrow and decay.

Karma

Karma means action or deed. No one can remain without performing karmas for even a moment (Bhagavad Gita 3.5,8), any physical, mental and emotional action is call karma. Karma is the universal law of cause and effect.

Punarjanma

The death of one's body does not destroy one's atma, which is eternal. The atma takes on another body based on its karma (Bhagavad Gita 2.22) this is called punarjanma, rebirth or reincarnation.

Ahimsa

Devout Hindus believe in and practise the principle of ahimsa, or non-violence. Ahimsa does not mean nonviolence in deed alone, but also in thought and speech. With this belief, Hindus respect all life forms and thus practices ahimsa and compassion.

Guru-Shishya

The guru-shishya (master-disciple) relationship is unique to Hinduism. Thousands of years ago from the Upanishadic times, the guru tradition has served the role of imparting spiritual knowledge to disciples. The guru guides, inspires and also engages the disciples in the rigours of the spiritual path. The God-realised guru represents God; he does not become God.

Murti Puja

Sacred Image of the Supreme

Since it is not possible to focus upon God merely in thought or name, the rishis made pratiks (Symbols) and pratimas (images or murtis) of clay, stone or wood. With elaborate rituals God was invoked (pran-pratishtha) into the murtis. The rishis regarded the murtis as God himself and they became the focus of worship. The ancient of murti-puja imbues divine peace and joy in devotees.

Avatarvad

Avatarvad is the belief that the one, supreme God takes a human form in order to liberate countless jivas from material bondage and the cycles of birth and death. Avatar literally means 'one who descends'. The approximate English words is 'incarnation'.

Four Purusharths

The four Purusharths or goals of human life are:

1. Dharma (righteousness, duty and moral order)
2. Artha (wealth and prosperity)
3. Kama (worldly desires)
4. Moksha (liberation)

Lord Krishna

What do we know about him?

by Jiva Odedra, Leicester

"In Krishna we find ... two ideas [stand] supreme in his message: The first is the harmony of different ideas; the second is non-attachment. A man can attain to perfection, the highest goal, sitting on a throne, commanding armies, working out big plans for nations. In fact, Krishna's great sermon was preached on the battlefield.

Krishna saw plainly through the vanity of all the mummeries, mockeries, and ceremonials of the old priests; and yet he saw some good in them."

- Swami Vivekananda

Even today, Lord Krishna continues to defy our judgment; in reverence we call him the God. In some ways it is also our failure to accept our ignorance about him and therefore, we find it easier to call him a God; and if truth be told majority of us also don't understand the God.

Therefore, in main, Lord Krishna is as unknowable and as mysterious as the God himself; and despite our best endeavours he, like God, ever remains to be known.

Apart from Lord Krishna, other divine souls generally stood for some other world or for a life in some other world after death. Some of them had set future things like the attainment of heaven and liberation as goals for our life on this earth. We learn from the scriptures that in their day, life on this earth was so miserable and painful it was nearly impossible to live. It can be said that our past was one of want and hardship, of struggle and suffering, that it was hard to accept life happily. In summary, all of the religions in the main deny and denounce life on this earth.

Lord Krishna is the only one who had accepted the life on this earth in its entirety. He did not believe in living here for the sake of another world and another life; he had believed in living this very life, here on this very earth. According to the teachings of some other enlightened ones, Moksha (Brahmic Salvation) belongs somewhere else and beyond this world.

Lord Krishna was fearless and he was all about here and now. Life as we know it today had never received such profound and unqualified acceptance at the hands of any other enlightened soul. However, we mustn't lose sight of Lord Krishna's selfless service, backed up by Sharpe intellect, valour and sincerity. These qualities had allowed Lord Krishna to live a spiritual life while on this earth; and ultimately level of spiritually is dependent on level of unselfish. Lord Krishna's unselfishness is expressed through loving service to all who came in contact with him throughout his life. Lord Krishna had taught us that selfless service is an expression of our feelings of oneness with others which takes the shape of sympathy and wishes to help others despite practically challenges and life's difficulties.

The valour, intellect and selfless service continue to attract us towards Lord Krishna even today. Lord Krishna had dedicated his entire life for a core purpose

of righteousness. The splendid qualities such as determination, intellect and noble personality are interconnected when we view events in Lord Krishna's lifetime.

Lord Krishna is often accused of lies and deceitful behaviour including during the war of Mahabharat; for example, during the war he had encouraged Yudhisthira to lie about the death of their teacher's son and so on. However, by making Yudhisthira to speak untruth Lord Krishna was motivated towards gaining a much higher goal and beyond his own selfish desires.

When we closely study different fields of activities, religious, moral, worldly as well as spiritual all versatile in Lord Krishna's life we come across many contradictions at different stages of his life.

In fact, it can be said that Lord Krishna's life was divine, glorious and beautiful. Although, lives of many civilians were covered with darkness of terror and punishment, Lord Krishna brought light to these individuals and helped them shed fear of atrocities led darkness permanently.

Lord Krishna was a humanitarian who not only applied his intellect to the pressing issues of time but persevered to find solution too. Today, we are surrounded by many human beings who hold humanitarian views but fail to do anything practical about it. On more than one occasion, Lord Krishna was prepared to sacrifice everything for the cause of humanity. For the humanitarian causes he was prepared to suffer physically as well as mentally; and where it mattered most he had no compulsions about deploying his material and military powers; although he had participated in many battles, he had never fought any battles for the personal gains.

We should acknowledge universally that Lord Krishna's life was grand, noble, dazzling and pure with no trace of contamination. When unethical, irreligious, immoral as well as wicked king Narkasur had abducted beautiful daughters of many kings and civilians, Lord Krishna had invaded Kingdom of this bully king and rescued thousands of innocent women from his charge. However, this had presented Lord Krishna with additional problem and the one which tested to limit his humanity. The same parents and society, which were crying for their daughters to be returned, were now not prepared to accept the rescued daughters. The same parents and communities had turned back on them – no one was willing to marry or offer shelter to them. When faced with this dilemma, he symbolically had married these women and therefore had secured status and respect for these unfortunate women. This was done so that they could live out rest of their lives with head held high and without suffering further hardship or receiving degrading remarks from anyone.

It is very easy to judge events of Lord Krishna's life with present day moral values but we must all ensure that the events are seen in true perspective and logically.

Ultimately, Lord Krishna possessed strong character, supreme ideals and even today by studying the life of Lord Krishna we get true value of life and resolve to live for higher values of life.

However, it is suffice to say that even if we spend our whole life learning about Lord Krishna it may not be long enough.

Did you know?

The Bhartiya (Hindu) scriptures also reveal the scientific axioms that are valuable in the research and development of modern science. They reveal the sequence of the procedure of creation of the universe, the exact model and working of the universe, as well as the science of defense, medicine and aviation, whatever is required by the society for daily living.



At over 162.6 ha (401 acres), the Hindu Temple in Angkor Wat in Cambodia is the largest religious structure in the world.

The Mahabharata, used to teach the principles of Hinduism, is 1.8 million words long and is the longest poem in the world.

The Swastika is recognized as a symbol of auspiciousness in Hinduism, Buddhism, and Jainism.

Hinduism is the oldest known religion in the world. In fact, it goes back as far as begining of time it self

Shree Hindu Temple has donated over £10,000 in last 3 years to Gau Seva in India.

India's Hindu calendar has 6 seasons: spring, summer, monsoon, autumn, winter and prevernal.

“Hinduism” is not the real word for the religion. That was made up by Greeks and Arabs to those living by the Sindhu river. The real name for Hinduism is Sanatan Dharma. This means “eternal dharma”, or eternal truth.

The Vedas were preserved for over 5,000 years without the use of printing. This was done by memorisation!

Hindu scriptures; the Upnishads and the Bhagwatam give a detail description of 12 step-wise phases of creation of the universe and the exact calculations of the age of sun and earth planet.



The most common language for Hindu scriptures is Sanskrit- the oldest language in the world.

The Rig Veda is the oldest known book in the world.

The supreme divine spirit is considered to be both male and female.

Om is the subtle sound of the universe, and can be heard in deep meditation.

Hindus believe in reincarnation - the soul is immortal, but takes on the form of many bodies until they achieve enlightenment.

Hinduism accepts the idea that anyone in any religion can attain salvation/enlightenment through perseverance, devotion, and personal experience in deep prayer or meditation. Instead of closing off to many religions, they have opened themselves up to it.

Hanuman the Greatest Superhero

Hanuman was the first superhero in the history of the world. Yes, that's true! Hanuman was real and was around millions of years before the fictitious Spiderman, Batman and even Superman.

Lord Hanuman's name conjures up an image of robustness, sturdiness, devotion and unconditional faith. He is the chief devotee of Lord Ram and is a scourge to all the wicked persons and evil spirits that may try to exist within the world. So eat your heart out Superman!

Hanuman is a unique deity in the Hindu Dharma. He is shown not as a human but as a monkey, and despite belonging to a sub human species he is adored by the entire world. He is worshiped so much that there are more temples of Hanuman than any other deity. Yet Hanuman is always seen as a humble servant to his beloved Lord Ram. He is celebrated in many cultures and traditions. In China, he is known as the Shun Wu Kong, The wind monkey, whilst in Thailand Hanuman plays a central role in the Ramakiya (a Thai folk story).

Lord Hanuman is the reincarnation of Lord Shiv and with the help of Pawan (the wind God) Hanuman was given to Anjani (his mother). This can be seen by Hanuman's two names which are Anjaniputra and Pawanasuta. Anjani then married Kesari and he became a father to Hanuman.

There are many stories about Hanuman as a child. One of the best known was when Hanuman tried to eat the sun thinking of it as a fruit, however he ceased in this upon Lord Indra's punishment as he realised it was wrong and damaging to the world.

So kids be a bit mischievous but stop it when you are told to. You too can be like Hanuman! Taught by Surya (the sun God) for many years Hanuman grew up to be very learned and intelligent. He could converse in Sanskrit the language of the Gods'. Hanuman was strong both physically and mentally as one can see when he outwitted Surasa and Lankini the demoneses.

He could draw on his inner strength to even fly over the seas to Lanka to rescue Sita and to be able to lift an entire mountain to save Laxman during a battle. When you look at a picture of Hanuman you see Ram in his heart, this implies the Vedantic philosophy that in each one of us there lives God, and if we keep that God within us we can accomplish anything.

All these are the great qualities of Hanuman and if you believe in him you can unlock and unleash all of your strengths and fight all evil and combat all problems in life. So go and strike that goal or hit that sixer, if one has belief in Hanuman one has the capability of doing anything.

One great man who kept Hanuman within him was Sri Tulsidas. As a young boy Tulsidas was set with a challenge to climb the 40 steps towards the Hanuman temple. He was afraid, as along the temple stairway was a dangerous place where Ghouls and Goblins were supposed to hide.

However, Tulsidas accepted and for each step he took, he recited the names and glories of Hanuman to be protected. In the end he managed to climb all forty steps and in the process he wrote the Hanuman Chalisa.

So, remember if you have Hanuman within you then nothing is impossible to achieve.

Jay Siya Ram

Why trees are revered in Hinduism?

Hindus have always had great reverence for trees and other plants because they are the foundation of life. In the Puranas and other religious texts, great importance has been accorded to trees and plants, equating them with gods. It is recommended that they should be treated as members of the family.With confirmation by scientists that plants are living beings, the credibility of religious texts has been strengthened. This has also strengthened belief in the effects of good and bad deeds on rebirth. The special status granted to some plants is now easier to understand.

The neem tree is sacred and its flower is offered to God and eaten on New Years day although it is sour. The bilva tree, its flowers and fruits are very sacred for Shiva worship. The tulsi plant is regarded as the abode of Krishna and is important in all pujas. Sandal wood, its paste and oil are important in worship of gods.

All plants and flowers have medicinal value in the Hindu system of medicine (ayurveda) brought by the divine medicine man Dhanvantari during Samudra mathana (churning of oceans).

The coconut tree and the coconut are sacred and are offered to God during worship. Mango leaves are used as festoons during pujas and auspicious events. All flowers and leaves of plants are used during worship for pushpa puja and patra puja. The lotus is a sacred flower and plant for Hindus. The banana plant and leaves are used for ornamentation and worship.

According to religious texts, when people plant trees and care for them, those plants are reborn as their children.

Whoever gives trees and plants in charity pleases the gods through flowers on the trees. In sunny and rainy weather trees serve as umbrellas to passer-by desiring refuge and rest. By offer droplets after the rain, they please forefathers. Those who offer flowers attain affluence and prosperity.

In the Rig-Veda, 6/48/17, it is said:

Do not be like the devilish buzzard that troubles other birds by grabbing their necks and killing them. Do not trouble the trees. Do not uproot or cut them. They provide protection to animals, birds and other living beings.

In the Manusmriti, it is said that trees bring with them the fruits of their deeds from the last birth. They are living beings and experience sorrow and happiness. God has created them for the welfare of living beings. They face the sun and the heat, but protect those who come under their shade. They provide refuge and residence to birds and insects. They bear flowers and fruits. One cannot estimate the number of saints and sages who offered prayers under the shade of trees. It is characteristic of the trees to give and keep giving.

Since a traditional burial consumes nearly one tree, Hindus are bound to plant three trees, on special occasions, during their life span. Which actually makes sense, especially in today's world where we need more and more trees to give us life when we live and for fire when we die.

Have you done your duty and paid your part to Mother Nature for your life and death?

મંદિરમાં વૃક્ષો નું મહત્ત્વ

‘વૃક્ષો છે તો માનવજીવન શક્ય છે’

પર્યાવરણનો મુખ્ય આધાર વૃક્ષો કે જંગલો છે. પર્યાવરણને તમામ રીતે પોષણ આપવાનું કામ માનવજાત અને સમગ્ર સમાજ માટે **‘વન એ જ જીવન છે’** કારણ કે, વૃક્ષો માનવજીવન માટે ઓક્સિજન આપવાનું કામ કરે છે. વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઇડ શોષીને ઓક્સિજન આપે છે. જમીનમાં ભેજ જાળવવા અને વરસાદના પાણીને દરિયામાં ઝડપથી વહી જતા રોકવાનું કામ પણ જંગલો કરે છે. માનવી અને પશુ-પક્ષીઓને આશરો આપવાનું કામ પણ જંગલો કરે છે. વૃક્ષની પ્રત્યેક પેદાશોનું ઘણું જ આર્થિક મૂલ્ય છે વૃક્ષોમાં ઔષધિય વૃક્ષોનું અસાધારણ મહત્ત્વ છે તેની છાલ, પાન, મૂળ, ફળ, લાકડુ એ તમામનું ઔષધિ મૂલ્ય છે જે અનેક પ્રકારની ગંભીર બીમારી દૂર કરે છે વૃક્ષોનું આર્થિક, ઔદ્યોગિક મૂલ્ય ઉપરાંત તેનું સામાજિક અને સાંસ્કૃતિક મહત્ત્વ છે.

વૃક્ષોના અસાધારણ સર્વક્ષેત્રીયય મહત્ત્વને ધ્યાનમાં રાખીને ભારતીય સંસ્કૃતિમાં વૃક્ષોને અગ્રીમ મહત્ત્વ આપવામાં આવેલ છે આપણે ત્યાં વૃક્ષોની પૂજા થાય છે. બહેનો પોતાના સૌભાગ્યની રક્ષા માટે **‘વટસાવિત્રી’** નું વ્રત કરી વડલાની પૂજા કરે છે. પીપળામાં ભગવાન વિષ્ણુનો વાસ છે એમ માનવામાં આવે છે. પિતૃઓના આત્માને શાંતિ મળે તે માટે અમુક વિશિષ્ટ દિવસોમાં પીપળે પાણી રેડી પિતૃઓને તૃપ્ત કરવામાં આવે છે.

આપણી સંસ્કૃતિમાં ભગવાનના વિવિધ અવતારો અને સ્વરૂપોને કેટલાક વૃક્ષો સાથે સાંકળીને વૃક્ષોની મહત્તા દર્શાવવામાં આવી છે. આગળ ચર્ચા કરી તેમ પીપળાના વૃક્ષ સાથે વિષ્ણુ ભગવાન સંકળાયેલ છે. શિવજી કૈલાસ પર્વત પર વટવૃક્ષ નીચે ધ્યાન ધરે છે અને કથા કરે છે. ભગવાન શ્રી રામ ચિત્રકૂટ પર્વત પર પાંચ વટવૃક્ષોનો સમૂહ એવી એક પંચવટીમાં રહે છે. ભગવાન દત્તાત્રય ઉંમરાના વૃક્ષ નીચે બિરાજે છે. શિરડીના સાંઇબાબા લીમડાના વૃક્ષ નીચે બિરાજતા હતા. શ્રીરંગ અવધૂત પણ લીમડાના વૃક્ષ નીચે બિરાજતા હતા.

આ રીતે ભારતીય સંસ્કૃતિ, સમાજજીવન વગેરેમાં વૃક્ષોનું વિવિધ રીતે મહત્ત્વ સ્થાપિત કરવામાં આવેલ છે કારણ કે વૃક્ષો એ માનવજીવન અને સમાજજીવનનો આધાર છે. પરંતુ કમનસીબે આપણે વૃક્ષોના મહત્ત્વને ભૂલી ગયા છીએ જંગલો અને વૃક્ષો કપાવા લાગ્યા છે. તેથી જંગલ વિસ્તારમાં આત્મઘાતક રીતે ઘટાડો થઈ રહ્યો છે. તેથી પ્રદૂષણના પ્રશ્નો સર્જાયા છે. વૈશ્વિક તાપમાન, એસિડનો વરસાદ, ગ્રીનહાઉસ ઇફેક્ટ, ઋતુચક્રમાં પ્રતિકૂળ પરિવર્તનો વગેરે પ્રશ્નો વધ્યા છે. જંગલોનો નાશ એ માનવજાત માટે આત્મઘાતક અને આત્મનિકંદક પગલું છે.

તુલસી - આયુર્વેદમાં

ઘા રુઝવવાના તુલસીના ગુણને કારણે તુલસી હજારો વર્ષોથી આયુર્વેદમાં વપરાતી આવી છે. ચરકે આયુર્વેદનાં પ્રાચિતતમ ગ્રંથ ચરક સંહિતામાં તેનો ઉલ્લેખ કર્યો છે. તુલસીને બળપ્રદાયી ગણાય છે, જે શરીરની વિવિધ પ્રક્રિયાઓમાં સમતોલન લાવે છે, અને તણાવનો સામનો કરવામાં મદદ કરે છે. તેની તીવ્ર સુગંધ અને તીખા સ્વાદને લીધે, તેને આયુર્વેદમાં રામબાણ જીવન ઔષધ મનાય છે અને તે દીર્ઘ આયુષ્ય આપે છે એમ કહેવાય છે.

તુલસીના અર્કનો ઉપયોગ આયુર્વેદમાં સામાન્ય શર્દી, માથાનો દુખાવો, પેટની તકલીફો, સોજા, હૃદયના દર્દ, ઝેર વિકાર અને મલેરિયામાં કરવામાં આવે છે. પારંપારિક રીતે તુલસી વિવિધ રીતે ગ્રહણ કરવામાં આવે છે: ઉકાળા તરીકે, સુકા ચૂર્ણ તરીકે, તાજા પાંદડા કે ઘી સાથે મેળવીને. કર્પૂર તુલસીમાંથી કાઢેલા સુગંધી-તેલને ઔષધિ તરીકે સૌંદર્ય પ્રસાધનોમાં અને તેના જીવાણું-નાશક (એન્ટિ-બેક્ટેરિયલ) ગુણધર્મને લીધે તેને ત્વચા રોગના ઔષધોમાં વપરાય છે. સદીઓથી તુલસીના સુકાવેલા પાંદડાને અનાજમાંથી જીવડા (ધનેરા વગેરે) ને દૂર રાખવા જાળવણીમાં વપરાય છે.

એક અભ્યાસમાં જણાવ્યું છે કે તુલસી લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ ઘટાડીને ડાયાબિટીસના ઈલાજમાં મદદ કરે છે. આ જ અભ્યાસમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે તુલસી વાપરવાથી કોલેસ્ટ્રોલના સ્તરમાં દેખીતો ઘટાડો થયો. એક અન્ય અભ્યાસમાં જણાયું કે તેનામાં રહેલા એન્ટી-ઓક્સિડન્ટ ગુણધર્મને કારણે લોહીમાં ગ્લુકોઝના સ્તરની જાળવણીમાં ફાયદો થાય છે.

કીરણોત્સર્ગ (રેડીએશન) થી થયેલા વિષ વિકારો અને મોતિયા (મોતિબિંદુ) ઉપર પણ તુલસી ફાયદાકારક સાબિત થઈ છે.

તુલસીના અમુક ખાસ રાસાયણીક તત્વો આ પ્રમાણે છે: ઓલિનોલીક એસિડ, અર્સોલીક એસિડ, રોસમેરીનીક એસિડ, યુજીનોલ, કાર્વાક્રોલ, લીનાલુલ, અને બીટા-કેરીઓફાયલીન.

માતા-પિતાનું ઋણ કેમ કરી ઊતરશે?

એક નાનો બાળક હતો. બાળકને કેરીનું ઝાડ (આંબો) બહુ ગમતો. જ્યારે નવરો પડે કે તુરંત આંબા પાસે પહોંચી જાય. આંબા પર ચડે, કેરી ખાય અને રમીને થાકે એટલે આંબાના વૃક્ષની ઘટાદાર છાયામાં સૂઈ જાય. બાળક અને આ વૃક્ષ વચ્ચે એક અનોખો સંબંધ હતો.

બાળક જેમ જેમ મોટો થવા લાગ્યો તેમ તેમ એણે આંબા પાસે આવવાનું ઓછું કરી દીધું. અમુક સમય પછી તો સાવ આવતો જ બંધ થઈ ગયો. આંબો એકલો એકલો બાળકને યાદ કરીને રડ્યા કરે. એક દિવસ અચાનક એને પેલા બાળકને પોતાના તરફ આવતો જોયો. આંબો તો ખુશ થઈ ગયો.

બાળક જેવો નજીક આવ્યો એટલે આંબાએ કહ્યું, "તું ક્યાં ચાલ્યો ગયો હતો? હું રોજ તને યાદ કરતો હતો. ચાલ હવે આપણે બંને રમીએ." બાળક હવે મોટો થઈ ગયો હતો. એણે આંબાને કહ્યું, "હવે મારી રમવાની ઉંમર નથી. મારે ભણવાનું છે પણ મારી પાસે ફી ભરવાના પૈસા નથી." આંબાએ કહ્યું "તું મારી કેરીઓ લઈ જા. એ બજારમાં વેચીશ એટલે તને ઘણા પૈસા મળશે. એમાંથી તું તારી ફી ભરી આપજે." બાળકે આંબા પરની બધી જ કેરીઓ ઉતારી લીધી અને ચાલતો થયો.

ફરીથી એ ત્યાં ડોકાયો જ નહીં. આંબો તો એની રોજ રાહ જોતો, એક દિવસ અચાનક એ આવ્યો અને કહ્યું, "હવે તો મારા લગ્ન થઈ ગયા છે. મને નોકરી મળી છે એનાથી ઘર ચાલે છે પણ મારે મારું પોતાનું ઘર બનાવવું છે એ માટે મારી પાસે પૈસા નથી." આંબાએ કહ્યું, "ચિંતા ન કર. મારી બધી ડાળીઓ કાપીને લઈ જા. એમાંથી તારું ઘર બનાવ." યુવાને આંબાની ડાળીઓ કાપી અને ચાલતો થયો.

આંબો હવે તો સાવ ઠૂંઠો થઈ ગયો હતો. કોઈ એની સામે પણ ન જુવે. આંબાએ પણ હવે પેલો બાળક પોતાની પાસે આવશે એવી આશા છોડી દીધી હતી. એક દિવસ એક વૃદ્ધ ત્યાં આવ્યો. તેણે આંબાને કહ્યું, "તમે મને નહીં ઓળખો પણ હું એ જ બાળક છું જે વારંવાર તમારી પાસે આવતો અને તમે મદદ કરતા." આંબાએ દુઃખ સાથે કહ્યું, "પણ બેટા હવે મારી પાસે એવું કંઈ નથી જે હું તને આપી શકું."

વૃદ્ધે આંખમાં આંસુ સાથે કહ્યું, "આજે કંઈ લેવા નથી આવ્યો. આજે તો મારે તમારી સાથે રમવું છે. તમારા ખોળામાં માથું મૂકીને સૂઈ જવું છે." આટલું કહીને એ રડતાં રડતાં આંબાને ભેટી પડ્યો અને આંબાની સુકાયેલી ડાળોમાં પણ નવા અંકુર ફૂટ્યા.

વૃક્ષ એ આપણાં માતા-પિતા જેવું છે, જ્યારે નાના હતા ત્યારે એમની સાથે રમવું ખૂબ ગમતું. જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ એમનાથી દૂર થતા ગયા. નજીક ત્યારે જ આવ્યા જ્યારે કોઈ જરૂરિયાત ઊભી થઈ કે કોઈ સમસ્યા આવી.

આજે પણ એ ઠૂંઠા વૃક્ષની જેમ રાહ જુવે છે. આપણે જઈને એને ભેટીએ ને એને ઘડપણમાં ફરીથી કૂંપણો ફૂટે.

સજ્જન વ્યકતિની ઓળખ

"મન ભરીને જીવો,
મનમાં ભરીને નહી"

એક ચાર વર્ષનો ભાઈ અને એની છ વર્ષની બહેન બંને ભાઇ બહેન બજાર માં ફરવા નીકળ્યા છે. નાનો ભાઈ છટા થી આગળ ચાલે છે અને બહેન પાછળ છે.

થોડી થોડી વારે ભાઈ પાછળ જોતો જાય છે કે બહેન આવે છે કે નહીં. રમકડા ની એક દુકાન આગળ બહેન ઊભી રહી જાય છે ભાઈ નજીક આવી ને પૂછે છે

"કેમ તારે કાંઇ લેવુ છે?"

બહેને ઢીંગલી સામે આંગળી ચીંધીને બતાવ્યું. ભાઈ એ બહેન ની આંગળી પકડી અને એક વડીલ ની અદા થી બહેન ને એ ઢીંગલી હાથ મા આપી, બહેન ખુબ જ ખુશ થઇ.

કાઉન્ટર પર બેઠેલો વેપારી, આ ભાઈ બહેન ને બહાર થી જોતા હતા અને ભાઈ ના માસુમ વડપણ ને નીરખી ને મનમાં મુસ્કુરાતા હતા.

કાઉન્ટર પાસે આવીને ચાર વર્ષનો એ બાળક બોલ્યો

"આ ઢીંગલી નુ શું છે?"

જીવતર ને ઘોળીને પી ગયેલા એ વેપારી એ કહ્યું

"તમારી પાસે શું છે?"

બાળકે ચડ્ડી ના ખીસ્સામાં થી સમુદ્ર ના છીપલા કાઢ્યા અને કાઉન્ટર પર મુક્યા પેલા વેપારીએ એ જ માર્મિક હાસ્ય સાથે બાળક ઉપર અમીભરી દ્રષ્ટિ કરી અને જેમ રુપિયા ગણે એમ છીપલા ગણ્યા બાળકે કહ્યું "કેમ ઓછા છે?"

